RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 207* Date: 18.05.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

# રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ડભોઈના બાણજમાં યોજાયો ગૌ કૃષિ સંગમ




ગો સેવા ગતિવિધિ – વડોદરા વિભાગના યજમાન પદે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના બાણજ ગામમાં યોજાયેલા ગૌ કૃષિ સંગમ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિને કૃષિના નવા યુગનો પ્રારંભ ગણાવી પ્રગતિશીલ ખેડૂતોને પ્રકૃતિ તરફ પ્રયાણ કરવા આહ્વાન કર્યુ હતું.વર્તમાન સમયમાં ખેતીમાં વધુ પડતાં રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગથી મનુષ્ય અને જીવસૃષ્ટિમાં રોગનું પ્રમાણ વધી રહ્યું છે,ત્યારે તેમાંથી મુક્ત થવા ખેડૂતો પંચગવ્ય અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે હેતુથી આયોજીત 'ગૌ કૃષિ સંગમ' કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી ઉપસ્થિત રહ્યા હતા.રાસાયણિક ખેતીની વિપરીત અસરો, ખેતીમાં જંતુનાશકોના ઉપયોગનો વિષપ્રભાવ અને તેનાથી આવનારા દુષ્પરિણામો ગણાવતા રાજ્યપાલશ્રીએ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને રાસાયણિક ખેતીના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવાનો સૌથી મજબૂત વિકલ્પ ગણાવ્યો હતો. રાસાયણિક કૃષિને પ્રકૃતિ સાથે માનવજાતિ માટે કષ્ટદાયક ગણાવી તેમણે ખેડૂતો માટે નુક્સાનકારક અને ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર ગણાવી હતી.તેમણે ઉમેર્યું કે ખેતીમાં યુરિયા, ડી.એ.પી, જંતુનાશકોના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા તો ક્ષીણ થાય છે, સાથે જ સમાજમાં કેન્સર, ડાયાબિટીસ, હદયરોગ જેવા અસાધ્ય રોગો ફેલાતા હોવાનું ગંભીરતાથી જણાવી આ વિષચક્રમાંથી ખેતી અને ખેડૂતોને બચાવવાનો મજબૂત અને શ્રેષ્ઠ વિકલ્પ પ્રાકૃતિક કૃષિ હોવાનું મક્કમપણે કહ્યું હતું.કૃષિ સંદર્ભે પોતાના જાહેર અને અંગત જીવનના રસપ્રદ ઉદાહરણો આપીને રાજ્યપાલશ્રીએ પોતાના ઉદબોધનમાં પ્રાકૃતિક ખેતીનો મહિમા વર્ણવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ કઈ રીતે કરવી, જીવામૃત-ઘન જીવામૃત અને પ્રાકૃતિક ખાતર કઈ રીતે બનાવવું, સહિતના અનેક પાસાઓ પર તેમણે પોતાના વિચારો વ્યક્ત કરીને ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગે માહિતીસભર તલસ્પર્શી જ્ઞાન અને માર્ગદર્શન આપ્યું હતું.રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો અને ખેતી સાથે જ સમગ્ર માનવજાતિના સર્વાંગી વિકાસ અને અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ અને જરૂરી ગણાવી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. દેશી ગાય અને પ્રાકૃતિક કૃષિને એકબીજાના પૂરક ગણાવી તેમણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી દેશી ગાયનું જતન, સંવર્ધન થાય છે, તેમ ઉમેર્યું હતું. તેમજ સ્વાસ્થ્યપ્રદ ખેત ઉત્પાદનો મળવાથી લોકોના સ્વાસ્થ્યની રક્ષા થાય છે.ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત કૃષિ પેદાશોના ભાવ પ્રમાણમાં સારા મળવાથી અને કૃષિ ખર્ચ નહિવત્ હોવાથી સરવાળે ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બને છે. ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાનો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ પ્રાકૃતિક ખેતી થકી સિદ્ધ થતો હોવાનું જણાવી તેમણે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વમાં રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અનેકવિધ પગલા ભરી રહી છે, તેમ રાજ્યપાલશ્રીએ કહ્યું હતું.કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલશ્રીએ ગૌપૂજા કરી હતી. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત વસ્તુઓ, પંચગવ્ય ઉત્પાદિત વસ્તુઓ તેમજ કૃષિ ઓજારોના વેચાણ સ્ટોલની તેમણે મુલાકાત લીધી હતી.આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રોહન આનંદ, ડભોઈના પ્રાંત અધિકારીશ્રી યોગેશ કપાસે, જિલ્લા ખેતીવાડી અધિકારી સહિત કૃષિ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, ગામના સરપંચ-ઉપસરપંચ, સ્થાનિક અગ્રણીઓ, સંતગણ, પ્રગતિશીલ ખેડૂતો, બાણજના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબી ખાતે વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે થશે રૂ. ૫૪૩ લાખથી વધુના ખર્ચે નવનિર્મિત એસ.ટી. સ્ટેશનનું લોકાર્પણ

ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને વધુને વધુ વેગવંતી રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા એક પછી એક વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. તા.૧૮-૫-૨૦૨૩ના રોજ મોરબી અને રાજકોટ જિલ્લાના પ્રવાસ દરમિયાન ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી આ બંને જિલ્લામાં નવીન પોલીસ આવાસોનું તેમજ મોરબીના નવનિર્મિત એસ.ટી સ્ટેશનનું લોકાર્પણ કરી નાગરિકોની સેવામાં ખુલ્લું મૂકશે.ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મોરબી ખાતે રૂ. ૫૪૩ લાખથી વધુના ખર્ચે બાંધવામાં આવેલા આર.સી.સી ફ્રેમ સ્ટ્રક્ચરવાળા સુવિધાયુક્ત નવીન એસ.ટી. સ્ટેશનનું ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત મોરબી જિલ્લાના વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે બી કક્ષાના ૩૨ નવનિર્મિત પોલીસ આવાસોનું પણ ગૃહ રાજ્ય મંત્રીશ્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે સાંસદ સભ્યોશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.લોકાર્પણ સમારોહ બાદ ગૃહ રાજ્ય મંત્રીશ્રી મોરબીના લીલાપર ખાતે મોરબી ઔદ્યોગિક એસોસિએશનના અગ્રણીઓ સાથે ઉદ્યોગના નાણાકીય વ્યવહારની સલામતી અને સુરક્ષા અંગે સવિશેષ સંવાદ કરશે. તદુપરાંત પોલીસ અધિક્ષકની કચેરી-મોરબી ખાતે પોલીસ વિભાગના અધિકારીઓ સાથે પણ ગૃહ રાજ્ય મંત્રીશ્રી બેઠક કરશે.વધુમાં, રાજકોટ પોલીસ હેડક્વાર્ટર ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા નવનિર્મિત બી-કક્ષાના ૮૦ અને સી-કક્ષાના ૪૦ પોલીસ આવાસોનું લોકાર્પણ પણ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે કરવામાં આવશે.

# ધોરણ-૧૦ના બે વિદ્યાર્થીઓને આન્સરશીટમાં ૫૦૦ની નોટ ચોંટાડવાનું ભારે પડી ગયું

અમદાવાદઃ બોર્ડની પરીક્ષા પાસ કરવા માટે ઘણીવાર વિદ્યાર્થીઓ કાપલી લઈને પરીક્ષાખંડમાં બેસી જતા હોય છે તો કોઈ અલગ જ પ્રકારથી ગેરરીતિ અને ચોરી કરતા હોય છે. પણ અમદાવાદમાં બનેલા એક કિસ્સામાં તો ધોરણ ૧૦ના બે વિદ્યાર્થીઓ મૂલ્યાકનકર્તાઓને જ લાંચ આપી દીધી. ઘટના પર નજર કરીએ તો ધોરણ-૧૦માં ભણતા બે વિદ્યાર્થીઓ તેમની આન્સરશીટમાં રૂ.૫૦૦ની નોટ ચોટાડીને તેમને પાસ કરવા માટે મૂલ્યાંકનકર્તાઓને લાંચ આપવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર મામલો સામે આવ્યા બાદ બંને વિદ્યાર્થીઓને એક વર્ષ માટે બોર્ડની પરીક્ષા આપવા પર હવે પ્રતિબંધ મૂકવામાં આવશે અને વર્તમાન પરીક્ષામાં તેઓ નાપાસ ગણાશે.આ સમગ્ર મામલે ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે 'ગુજરાતી માધ્યમમાં ભણતા બંને છોકરાઓ તેમના પર્ફોર્મેન્સને લઈને સ્યોર નહોતા એટલે તેમણે કાગળ પર રૂ. ૫૦૦ની નોટો ચોટાડીને મૂલ્યાંકનકર્તાને વિનંતી કરી હતી ×કૃપા કરીને મને પાસ કરો, કારણ કે હું પરીક્ષાની તૈયારી કરી શક્યો નથી.' બંને મેસેજ ગુજરાતીમાં હતા.ઉલ્લેખનીય છે કે, ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૪થી ૨૯ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. આન્સરશીટના મૂલ્યાંકન દરમિયાન શિક્ષકોએ ગણિત અને અંગ્રેજીની આન્સરશીટમાં ચલણી નોટો સ્ટેપલ કરેલી હતી. પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને બોર્ડે બંને વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરી છે.એક અધિકારીએ જણાવ્યું કે, અમે આ વિદ્યાર્થીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી નથી કારણ કે આ છેતરપિંડીનો કેસ નથી. પરીક્ષા સુધારણા સમિતિ પહેલા વિદ્યાર્થીઓની વાત સાંભળશે અને પછી તેમની સજા નક્કી કરશે.'તેમણે કહ્યું કે, એવી શક્યતા છે કે તેઓ નાપાસ થશે અને એક વર્ષ માટે પરીક્ષામાંથી બાકાત રહેશે. અધિકારીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કેટલીકવાર પરીક્ષા દરમિયાન આન્સરશીટમાં નોટો ચોટાડતા હોય છે. પરંતુ શાળાના વિદ્યાર્થીઓમાં આ પ્રકારનું કૃત્ય અસામાન્ય છે.અધિકારીએ જણાવ્યું હતું કે, આ વિદ્યાર્થીઓએ એક વર્ષ પછી રિપીટ વિદ્યાર્થીઓ તરીકે પરીક્ષા આપવી પડશે. અધિકારીએ જણાવ્યું હતું કે આવો જ એક કિસ્સો ૨૦૨૨માં નોંધાયો હતો, જ્યાં મધ્ય ગુજરાતના ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીએ તેની કેમિક્સ અને ફિઝિક્સની આન્સરશીટમાં રૂ. ૫૦૦ની નોટો સ્ટેપલ કરી હતી. તે પરીક્ષામાં નાપાસ થયો હતો અને તેને એક વર્ષ સુધી પરીક્ષા આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.મીડિયા રિપોર્ટ અનુસાર ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૧૮માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ના સેકશન ૪૩માં સુધારો કરીને નવી જોગવાઈ લાગુ કરવામા આવી હતી. જેમાં કુલ ૩૩ પ્રકારના ગુના સામે સજાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાંથી ૮૦ ટકા કેસમાં વિદ્યાર્થીનું પરીક્ષાનું પરિણામ રદ કરી શકાય છે. પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી પાસે જે તે સંબંધિત વિષયને લગતી હાથેથી લખેલી કાપલી, નોટ્સ, માર્ગદર્શિકા, બુક, નકશો વગેરે મળશે તો પરીક્ષાથીને ચાલુ વર્ષે અને એ પછીનું વધુ એક વર્ષ પરીક્ષા આપવા નહી મળે. આ ઉપરાંત કોઈ વિદ્યાર્થીની આન્સરશીટમાથી અન્ય વિદ્યાર્થી કોપી કરતો ઝડપાશે તો બંને વિદ્યાર્થીની સમગ્ર પરીક્ષા રદ કરી દેવામાં આવશે.

## ગાંધીનગરના બાયપાસ તરીકે ઉપયોગમાં લેવાતા પાલજ-બાસણ-શાહપૂર રોડના મજબૂતીકરણ માટે ૨૪.૪૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના પાટનગર ગાંધીનગરના બાયપાસ રોડ તરીકે ઉપયોગમાં લેવાતા પાલજ-બાસણ-શાહપૂર રોડના મજબૂતીકરણ માટે ૨૪.૪૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ પાલજ-બાસણ-શાહપૂર માર્ગ પર ભારે વાહનોનો ટ્રાફિક રહે છે તે સંદર્ભમાં આ માર્ગના મજબૂતીકરણ માટેની દરખાસ્ત માર્ગ-મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ માર્ગ-મકાન વિભાગનો હવાલો પણ ધરાવે છે અને તેમણે રૂ. ૨૪.૪૭ કરોડની દરખાસ્તને અનુમોદન આપતાં આ માર્ગના મજબૂતીકરણનું કામ હવે હાથ ધરી શકાશે. "આ રસ્તાનું મજબૂતીકરણ થવાને પરિણામે પાલજ-બાસણ જેવા ગાંધીનગર સાથે જોડાયેલા ગામો તેમજ આઇ.આઇ.ટી ગાંધીનગર માટે સુવિધાયુકત કનેક્ટિવીટી ઉપલબ્ધ થશે. એટલું જ નહિ, ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાઓ તરફથી આવતા વાહનોને ગિફ્ટ સિટી જવા માટે તથા ગાંધીનગર બાયપાસ કરવા માટે સરળ અને સારો રસ્તો મળશે.

## રાજ્યકક્ષાની રમતગમત તાલીમ દ્વારા ખેલાડીઓના ખેલ ઉત્સાહમાં વધારો થશે, તેમનું કૌશલ્ય વધુ નિખરશે

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા હાલ 'ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ ૨૦૨૩' ચાલી રહ્યો છે. તા.૩૧મી મે સુધી ચાલનાર આ કોચિંગ કેમ્પ અંતર્ગત ગાંધીનગર ખાતે હેન્ડબોલ રમતનાં કેમ્પ દરમ્યાન આજ રોજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના અગ્ર સચિવ તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી અશ્વિનીકુમારે મુલાકાત લીધી હતી. 'ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ'માં નિષ્ણાત કોચ અને ટ્રેનર દ્વારા યુવા ખેલાડીઓને આપવામાં આવી રહેલી તાલીમનું અગ્ર સચિવશ્રીએ સ્વનિરીક્ષણ કર્યું અને ખેલાડીઓનો જુસ્સો વધાર્યો હતો. રાજયકક્ષાની આવી રમતગમત તાલીમ દ્વારા ખેલાડીઓના ખેલ ઉત્સાહમાં વધારો થશે અને સાથે સાથે તેમનું કૌશલ્ય વધુ નિખરશે.

### ભાજપ પ્રદેશ કારોબારી ટાગોર હોલ.અમદાવાદ ખાતે મળી




રાજયના ૧૩ જિલ્લાઓમાં નવી ઔદ્યોગિક વસાહતોની સ્થાપના માટે

## પ્રાથમિક શક્યતાદર્શી તપાસ અહેવાલ મેળવવા સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ: પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયના યુવાનોને ઘર આંગણે રોજગારી મળી રહે તે આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયમાં નવીન જી.આઇ.ડી.સી.ની સ્થાપના માટે વિધાનસભા સત્રમાં જાહેરાત કરવામાં આવી હતી. આ સંદર્ભે ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમના નિયામક મંડળ દ્વારા રાજયના ૧૩ જિલ્લાઓમાં નવી જી.આઇ.ડી.સી. સ્થાપવા માટે જમીનની એક જથ્થે ઉપલબ્ધતા, ડિમાન્ડ સર્વે, સ્થાનિક પરિબળો અને કૃષિ ઉત્પાદન વગેરેના પ્રાથમિક શક્યતાદર્શી તપાસ અહેવાલ એટલે કે પ્રિ-ફિઝીબિલીટી એસેસમેન્ટ રીપોર્ટ મેળવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજયમંત્રી મંડળની બેઠકમાં લેવાયેલ આ મહત્વના નિર્ણયની વિગતો આપતા મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, રાજયના ઝડપી ઔદ્યોગિક વિકાસ દ્વારા આર્થિક વિકાસ સાધી શકાય છે. જેને ધ્યાને લઇને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટિવંત આયોજનના પરિણામે ગુજરાત આજે રોજગારી પૂરી પાડવામાં દેશભરમાં મોખરે રહ્યું છે. રાજયમાં વધુને વધુ રોજગારી ઉપલબ્ધ બને અને ઉદ્યોગગૃહો પોતાનો ઉદ્યોગ સરળતાથી સ્થાપી શકે તે આશયથી રાજ્ય સરકારે અનેકવિધ સુવિધાઓ ઓનલાઇન પૂરી પાડી છે. જેના પરિણામે ગુજરાતમાં મૂડી રોકાણ વધ્યું છે અને અનેક ઉદ્યોગગૃહો રાજયમાં આવ્યા છે. જેને ધ્યાને લઇને રાજયમાં રોજગારનું પ્રમાણ વધે તે આશયથી રાજય સરકારે આ નવીન જી.આઇ.ડી.સી. સ્થાપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. "પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજયના રાજકોટ, મહેસાણા, મહિસાગર, ભરૂચ, બનાસકાંઠા, પાટણ, છોટાઉદેપુર, ગીરસમોનાથ, ગાંધીનગર, ખેડા, અમરેલી, આણંદ, અને જૂનાગઢ જિલ્લાના ૨૧ તાલુકાઓમાં જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવનાર છે. તે માટે માળખાગત સુવિધાઓ પૂરી પાડવા ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમ કામગીરી કરી રહ્યું છે." અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં નવીન જી.આઇ. ડી.સી.નું નિર્માણ થનાર છે તેમાં રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના વિંછીયા ગામે, મહેસાણા જિલાના સતલાસણ તાલુકાના નાની ભલુ, જોટાણા તાલુકાના જોટાણા ખાતે, વડનગર તાલુકાના વડનગર ખાતે, મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના બાલાસિનોર ખાતે, ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના આમોદ ખાતે, બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના થરાદ ખાતે, પાલનપુર તાલુકાના પાલનપુર ખાતે, દિયોદર તાલુકાના લવાણા ખાતે, ધાનેરા તાલુકાના ધાનેરા ખાતે, પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના સિદ્ધપુર ખાતે, સાંતલપુર તાલુકાના સાંતલપુર ખાતે, છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના લઢોદ ખાતે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નવા બંદર ખાતે, ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરા ખાતે, ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ઠાસરા ખાતે, મહુધા તાલુકાના મહુધા ખાતે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ખાતે, આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના આંકલાવ ખાતે, જુનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના માળીયા હાટીના ખાતે, જૂનાગઢ તાલુકાના જૂનાગઢ ખાતે આ જી.આઇ.ડી.સી સ્થાપાશે.

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનું ૨૯મું દ્વિવાર્ષિક રાષ્ટ્રીય અધિવેશન

## આઝાદીના અમૃતકાળમાં વિકસીત રાષ્ટ્ર તરીકે આગળ વધવાના ભારતના સંકલ્પમાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા : વડાપ્રધાનશ્રી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃતકાળમાં વિકસીત રાષ્ટ્ર તરીકે આગળ વધવાના ભારતના સંકલ્પમાં શિક્ષકોની ભૂમિકા મહત્વપૂર્ણ ગણાવી છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના ૨૯માં દ્વિવાર્ષિક અધિવેશનનો પ્રારંભ વડાપ્રધાનશ્રીએ ગાંધીનગરના વલાદ થી કરાવ્યો હતો. 'ભારત મેં પરિવર્તનકારી શિક્ષા કે કેન્દ્ર મેં શિક્ષક' વિષયવસ્તુ સાથે યોજાઇ રહેલા આ અધિવેશનમાં વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં શિક્ષકો સાથેના તેમના અનુભવોને યાદ કરતાં જણાવ્યું કે ગુજરાતના શિક્ષકો સાથેના અનુભવો રાષ્ટ્રીયસ્તરે શિક્ષા નીતિના ઘડતરમાં તેમના માટે દિશાદર્શક બન્યા છે.'હું આજીવન વિદ્યાર્થી છું' તેવું ગૌરવભેર જણાવતાં વડાપ્રધાનશ્રીએ શિક્ષકોની મહત્તા દર્શાવતા કહ્યું કે આઝાદીના આ અમૃતકાળમાં વિકસિત રાષ્ટ્ર બનવાના સંકલ્પ સાથે ભારત જયારે આગળ વધી રહ્યું છે, ત્યારે તેમાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્ત્વની બની રહેવાની છે. દેશ-વિદેશના મહાનુભાવો સાથેના પ્રાસંગોની વાત કરતાં તેમણે જણાવ્યું કે વિશ્વના વિવિધ દેશોના રાજપુરુષોએ અનેક વખત તેમના જીવન ઘડતરમાં ગુજરાતના અને ભારતના શિક્ષકોએ મહત્ત્વનું યોગદાન આપ્યું હોવાનું ગર્વભેર જણાવ્યું છે.રાષ્ટ્રીયસ્તરે નવી શિક્ષણનીતિ દેશના લાખો શિક્ષકોના અનુભવો અને યોગદાનનો નીચોડ હોવાનું જણાવી વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના અનુભવો યાદ કરતાં કહ્યું કે આજે ગુજરાતે દેશભરમાં શિક્ષણક્ષેત્રે ટોચનું સ્થાન મેળવ્યું છે, ત્યારે એક સમયે અહીંનો ડ્રોપઆઉટ રેશિયો ૪૦ ટકાની નજીક હતો. જેમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા સૌથી વધુ હતું. જયારે આદિવાસી વિસ્તારોમાં વિજ્ઞાનના વિષયો ભણીને ડૉક્ટર કે એન્જિનિયર બનનારા વિદ્યાર્થીઓ નહીંવત હતા. તેની સાથે આજની શિક્ષણનીતિના પરિણામે ડ્રોપઆઉટ રેશિયો ઘટીને ત્રણ ટકાની અંદર આવી ગયો છે, જયારે ઉંમરગામથી અંબાજી સુધી અનેક વિજ્ઞાનશાળાઓ બની છે. જેના પરિણામે અનેક આદિવાસી વિદ્યાર્થીઓ ડૉક્ટર અને એન્જિનિયર બન્યા છે.૨૧મી સદીના બદલાતાં વિશ્વમાં ભારતની શિક્ષા વ્યવસ્થા અને છાત્રાના અભિગમ પરિવર્તનશીલ રહ્યા છે. આ પરિસ્થિતિમાં કેવી રીતે આગળ વધવું એ શિક્ષકો માટે ચિંતનનો વિષય છે. એક સમયે સંસાધનો અને માળખાકીય સુવિધાઓની ઘટ હતી. જે આજે દૂર થઈ છે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓમાં વધેલાં કૂતુહલ અને જિજ્ઞાસા શિક્ષકો માટે પણ પડકારરૂપ બન્યા છે. આજનો ૮-૯ વર્ષનો વિદ્યાર્થી પણ અલગ દૃષ્ટિકોણ અને અભિગમ સાથે શિક્ષકોને પ્રશ્નો પૂછે છે.તેમણે ઉમેર્યું કે આજે આજે આપણી પાસે માહિતીના અનેક સ્રોત છે, પરંતુ તેમનો વિવેકપૂર્ણ અને યોગ્ય ઉપયોગ કરવાનું દિશાદર્શન શિક્ષકોએ કરવાનું છે. પરિણામે, શિક્ષકોએ પણ સતત અપડેટ રહેવું અત્યંત જરૂરી છે. શિક્ષકે શિક્ષણ સાથે સ્વયં છાત્રના ગાઇડ અને મેન્ટોર બનવાનું છે અને આ તક નવી શિક્ષણનીતિ પર્સનલ અને પ્રોફેશનલ અભિગમ સાથે લર્ન-અનલર્ન અને રિ-લર્નના માધ્યમથી આપે છે. તેમણે જણાવ્યું કે ટેક્નોલૉજીથી અખૂટ માહિતી મળે છે, પરંતુ આ માહિતીના યોગ્ય ઉપયોગ માટેનો સાચો દૃષ્ટિકોણ શિક્ષક જ આપે છે. એટલું જ નહીં, ડીપ લર્નિંગ દ્વારા લૉજિકલ કક્લુઝન સુધી પહોંચવાનું મહત્ત્વનું કાર્ય પણ ગુરુ જ શીખવે છે અને એટલે જ ૨૧મી સદીમાં શિક્ષકોની ભૂમિક બૃહદ બની ગઈ છે.આ સંમેલનમાં ઉપસ્થિત શિક્ષકોને તેમની ફરજનિષ્ઠા વિશે અવગત કરાવતા વડાપ્રધાનશ્રી મોદીએ કહ્યું કે માતા-પિતા તરીકે આપણે જે શ્રેષ્ઠ શિક્ષણની અપેક્ષા આપણા બાળક માટે રાખીએ છીએ, એવું જ ઉત્તમ શિક્ષણ આપણે પણ આપણા વિદ્યાર્થીને આપવાનું છે. આ જવાબદારી જ આવનારી પેઢીને મજબૂત કરશે. પ્રાથમિક શિક્ષક એ એવી વ્યક્તિ છે, જેની સાથે બાળક પોતાના પરિવાર પછી સૌથી વધુ સમય વીતાવે છે અને તેના આચાર-વિચારમાંથી શીખે છે. ત્યારે ધીરજ, સહાયવૃત્તિ, નિષ્પક્ષતા અને સચ્ચાઈની સાથે સ્નેહ જેવા ગુણો વિદ્યાર્થી શિક્ષકમાંથી જોઈને જ શીખશે.નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ વિશે વાત કરતાં વડાપ્રધાનશ્રી મોદીએ જણાવ્યું કે ૨૧મી સદીની જરૂરિયાત અનુસાર ટીરિંગ-લર્નિંગના સમાયોજનથી તૈયાર કરાયેલી આ નીતિ પ્રેક્ટિકલ આધારિત છે અને તેના ઘડતરમાં લાખો શિક્ષકોનો પરિશ્રમ સમાયેલો છે. વર્ષો જૂની અંગ્રેજોની શિક્ષણનીતિના સ્થાને આ નીતિમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત માતૃભાષામાં આપવાનું નિયત કરાયું છે. જે અંતરિયાળ વિસ્તારોમાં રહેતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાભદાયી બની રહેશે.

## તંત્રી સ્થાનેથી...

# કર્ણાટક વિધાનસભાનાં પરિણામોમાં મોદી મેજીક ઓસરવાના સંકેત

*ભારતીય જનતા પાર્ટીના સર્વોચ્ચ નેતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લાખ પ્રયાસો છતાં કર્ણાટક ફતેહ કરવાના વ્યૂહ સાવ જ નિષ્ફળ રહ્યા. ૧૯૮૯ પછી પહેલી વાર કર્ણાટકની પ્રજાએ કોઈ એક પક્ષને ભવ્ય બહુમતી આપી અને સરકાર બનાવવાનો મેન્ડેટ આપ્યો. ઓપરેશન લોટસ થકી સરકાર બનાવવાના મનસૂબાને ફગાવી દીધા. ૨૨૪ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસને ૧૩૫,પરિણામની સવાર સુધી બહુમતીનો દાવો કરતા ભાજપને માત્ર ૬૬ અને કિંગમેકર બનવા માંગતા જનતાદળ (સેક્યુલર)ને માત્ર ૧૯ બેઠકો મળી. મોદી ઉપરાંત કેન્દ્રના ગૃહ મંત્રી અમિત શાહ અને કેન્દ્રનાં પ્રધાનો અને રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમ જ કર્ણાટકની નેતાગીરીએ કોમી વિભાજનો સર્જવા ઉપરાંત ભગવાન બજરંગ બલીને મેદાનમાં ઉતાર્યા છતાં ભગવી પાર્ટી પર ઈશ્વરની કૃપા ના થઈ. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીની પદયાત્રા ફળી. કોંગ્રેસના ચૂંટાયેલા રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ ડી.કે.શિવકુમાર અને કોંગ્રેસના લોકપ્રિય મુખ્યમંત્રી રહેલા સિદ્ધરામૈયા સાથે રાહુલ ગાંધી અને કોંગ્રેસનાં રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા તેમ જ કર્ણાટક રાજ્યના કોંગ્રેસી કાર્યકરોની સાથે જ ગુજરાતથી તેડાવાયેલા વિધાનસભાના પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી તથા ધારાસભ્ય અનંત પટેલ સહિતનાના પ્રયાસો સફળ રહ્યા. વડાપ્રધાન મોદીએ તો ચૂંટણી જાહેર થાય એ પહેલાં કર્ણાટક જીતવા માટે મુલાકાતોનો દોર ચાલુ કર્યો હતો. એમણે અને એમના હનુમાન લેખાતાઅમિત શાહે પણ રેલીઓ અને રોડશો કર્યા છતાં માથે નાલેશી જ આવી. દક્ષિણના દરવાજા બંધ રાહુલ, પ્રિયંકા અને સોનિયા ગાંધીને ભાંડવામાં કશું બાકી ના રખાયું, મોદીએ ૯૧ ગાળોનો હિસાબ રજૂ કર્યો, એમને ખડગેએ ઝેરી સાપ કહ્યા અને ખડગેપુત્રે નાલાયક કહ્યાનું વિક્ટીમ કાર્ડ પણ ખેલ્યું, સામે પક્ષે ભાજપના નેતાઓ સોનિયા ગાંધીને "વિષકન્યા" કહી રહ્યા હતા અને સોનિયા ગાંધીએ પોતાની એક માત્ર ચૂંટણી સભામાં કર્ણાટકનાં સાર્વભૌમત્વ (સંપ્રભુતા) જેવો શબ્દપ્રયોગ કર્યો નહીં હોવા છતાં મોદીએ તો કોંગ્રેસ કર્ણાટકને ભારતથી છૂટું પાડવા માંગતી હોવાનું ભાષણ કરી નાંખ્યું. ડબલ એન્જિનની સરકારનું ગાણું પણ ચલાવાયું, છતાં સોનિયા ગાંધીને જર્સી ગાય અને કોંગ્રેસની વિધવા, રાહુલને પપ્પુ અને પંડિત નેહરુથી લઈને રાજીવ ગાંધી સુધી "પુસ્તકો ભરાય" એટલી ગાળો ભાંડવામાં આવ્યાનું પ્રાયશ્ચિત ના કરાયું, જ્યારે ખડગેએ તો દિલગીરી વ્યક્ત કરવા જેટલો વિવેક દાખવ્યો. યેદિયુરપ્પા, ઈશ્વરપ્પા અને મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈની સરકારના બેફામ ભ્રષ્ટાચારની "ચાલીસ પરસેન્ટ સરકારા" સૂત્ર કર્ણાટકની પ્રજાને સ્પર્શી ગઈ.ભાજપના સંઘનિષ્ઠ અને ભ્રષ્ટાચારમાં ના સંડોવાયેલા પૂર્વ મુખ્યમંત્રી જગદીશ શેટ્ટારને કોઈપણ સંજોગોમાં ટિકિટ ના જ મળવી જોઈએ એવા સિદ્ધરામૈયાનાં દુરાગ્રહે એમને કોંગ્રેસ ભણી ધકેલ્યા અને ભાજપી સેનાએ એમને હરાવવામાં પૂરી શક્તિ વાપરીને હરખ મનાવ્યો. જોકે કોંગ્રેસ અને જેડી(એસ)ના જે ધારાસભ્યો ઓપરેશન લોટસમાં પક્ષ પલટો કરીને મંત્રી બન્યા હતા કે મલાઈદાર હોદ્દા મેળવી ચૂક્યા હતા એમના મોટાભાગના ચૂંટણી હારી ગયા એ પ્રજાનો મૂડ દર્શાવે છે. લવજેહાદ, હિજાબ, મુસ્લિમ અનામત, કેરળ સ્ટોરી કે પછી બીજા જે મુદ્દા ભાજપ અને તેમના સાથીઓએ ઉઠાવ્યા એ રાજ્યની ભણેલી ગણેલી પ્રજાએ ફગાવી દીધા. હવે મોદીનો કરિશ્મા ઓસરી રહ્યાનો અણસાર એમના પક્ષને આગામી દિવસોમાં અન્ય મહત્વનાં રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં પણ પરાજ્ય મળે તો આગામી લોકસભા ચૂંટણીમાં વિપક્ષી એકતા સામે જીતવાનું મુશ્કેલ બને એવી હલચલ પણ શરૂ થઈ ગઈ છે. છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં તો કર્ણાટકની જેમ જ વરિષ્ઠ ભાજપી નેતાઓ કોંગ્રેસમાં જોડાવા માંડયા છે.હવે છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પણ વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. દક્ષિણમાં ભાજપનું નામું નંખાઈ ગયું છે. કર્ણાટક જેવું મહત્વનું રાજ્ય ગુમાવ્યું. કેરળમાં વિધાનસભાની ચૂંટણીમાં એકપણ બેઠક મળતી નથી. તમિલનાડુમાં અન્નાદ્રમુક સાથે જોડાણ કર્યા છતાં કન્યાકુમારીની પરંપરાગત બેઠક પણ ભાજપ હાર્યો છે અને દ્રમુક-કોંગ્રેસનું જોડાણ સત્તામાં છે. આંધ્રપ્રદેશ અને તેલંગણમાં ભાજપનું ઝાઝું વજૂદ નથી. ઉધારીના નેતાઓ થકી અસ્તિત્વ છે અને કેન્દ્રમાં સત્તા છે એટલે દક્ષિણના નેતાઓને કેન્દ્રમાં મંત્રી, રાજ્યપાલ કે અન્ય હોદ્દા અપાય છે. ૭ રાજ્યોમાં સ્વબળે બહુમતી દેશનાં વિવિધ રાજ્યોમાં ઓપરેશન લોટસ થકી સત્તા કબજે કરવામાં ભાજપને નિપુણતા પ્રાપ્ત છે.*

## રહસ્ય

ખિલખિલાટ હસતી કુંદન આખા ઘમાં દોડતી દેખાય. જાણે એના પગ નીચે પૈડાં ન હોય ? એક પળ પણ તે શાંતિથી બેસી ન શકે. અરે શાળાનું ઘરકામ પણ તેને ચાલીને કરવાની આદત હતી. માત્ર ગણિતના દાખલા કરવ એ ઝંપીને બેસે. તેમાં મગજ દોડાવવાનું હોય.

ભૂગોળ, વિજ્ઞાન,ઈતિહાસ કે અંગ્રેજીના શબ્દો ચાલતા ચાલતા જ યાદ કરે. નવાઈ તો ત્યારે લાગે જે વાંચીને જાય તે અક્ષરસઃ યાદ રહે. શિક્ષકોને પણ નવાઈ લાગે કે આનું જે નામ છે તે યોગ્ય છે. આજે શાળાએથી આવી ત્યારે જરા ઢીલી લાગી. મમ્મી ઘરે હતી નહી. દાદીને તો આવું બધું નજરે ન પડે પણ કામ કરવાવાળી શાંતાને નવાઈ લાગી. કુંદનના મમ્મીની ઘરે આવવાની રાહ જોઈ રહી હતી.

ઘરમાં શાક ન હતું એટલે લેવા ગયા હતા. ત્યાં વળી એક બહેનપણી મળી ગઈ એટલે બંને સાથે ઢોસો ખાવા રોકાયા. જેને કારણે ઘરે આવતા મોડું થઈ ગયું.

'બહેન, આજે કુંદનને શું થયું છે' ?

'કેમ, એમ કહે છે શાંતા' ?

'શાળાએથી આવી ત્યારની એના રુમમાં છે. દૂધ નાસ્તો કશું જ કર્યું નથી'.

મમ્મી કુંદનના રુમમાં ગઈ. 'બેટા બધું બરાબર છે ને ?

શું તને શિક્ષકે કાંઇ કહ્યું ?

કોઈની સાથે મારામારી થઈ?'

'ના, મમ્મી એવું કાંઇ નથી'.

'તો તું ઉદાસ કેમ છે' ?

કુંદન કશું બોલી નહી. ચૂપચાપ ગણિતના દાખલા ગણવા બેસી ગઈ . મમ્મીને કામ ઘણું હતુ તેથી રસોડામાં આવી.

'મમ્મી આજે દાળ ઢોકળી બનાવજે'.

હવે કુંદનને દાળ ઢોકળી દીઠી ગમતી ન હતી. મમ્મીને નવાઈ લાગી. ડાચું ફાડીને તેની સામે જોઈ રહી.

સાંજે પપ્પા ઘરે આવ્યા. ચહકતી કુંદનને શાંત જોઈ નવાઈ લાગી.

'બેટા આજે શાળામાં દિવસ કેવો હતો ?'

'સારો' !

'ખોટું ન બોલ, સાચું કહે. આ તારું બહાનું છે. બેટા, હું તને બરાબર ઓળખું છું. '

કુંદન પાપાને ગળે વળગી પડી. પછી ધીરેથી બોલી, 'પાપા આજે મેં મમ્મીને દાળઢોકળી બનાવવાનું કહ્યું છે'.

પાપાને કાન પર વિશ્વાસ ન બેઠો. કુંદન સિવાય સહુની ઘરમાં દાળઢોકળી પ્રિય ભોજન હતું.

હવે પપ્પા ચમક્યા, 'સાચું બોલ શાળામા શું થયું '?

'મારા વહાલા પપ્પા, હું તમને સાચું કારણ આપીશ, એક શરતે. તમારે મારી વાત માનવી પડશે.'

હવે દસ વર્ષની કુંદન માગી માગીને શું માગશે ? પપ્પાએ હા પાડી.

'જુઓ પપ્પા ફરી નહી જવાનું'.

'ના, હવે બોલ'.

'પપ્પા તમને ખબર છે ને મારી બાજુમાં, વર્ગમાં કોણ બેસે છે ? જે મારો જિગરજાન મિત્ર છે.

હા, પપ્પા વાત તેને લગતી છે'.

એવું તો શું છે કે તું આજે એકદમ નારાજ છે. દાળઢોકળી ખાવાની હા પાડે છે'.

'પાપા, સાચું કહીશ હં ,ને. તમે પણ વચન આપ્યું છે. ફરી નહી જવાનું'.

કુંદને પાણી પહેલા ફરીથી પાળ બાંધી.

પપ્પા મારા મિત્ર કિરણને ગયા મહિને ખબર પડી કે તેને કેન્સર છે. શનિ અને રવીની રજામાં 'કીમો' આપ્યો હતો. પપ્પા તેના બધા વાળ જતા રહ્યા. મારી બાજુમાં બેસે છે,

આજે મારા વાળ જોઈને તેને અડક્યો અને તેની આંખમાં મેં આંસુ જોયા'.

પાપા કાલે પેલો વાળંદ જે તમારી દાઢી કરવા આવે છે તેને બોલાવજો. મારા વાળ...

**-પ્રવિણા કડકિયા**

## વકરો એટલો નફો

સવારનો સમય. ઓફિસ સાડા દસે જવાનું હોય. શેવ કરી સ્નાનાદિકથી પરવારીને દસ વાગ્યો ડાઈનીંગ ટેબલ પર જમવા બેસવાનું. એ સિવાય વર્તમાનપત્ર ફેંદવાનું ટાસ્ક ટોપ પ્રાયોરીટી કે ઓન વોર બેઈઝ હોય. વર્તમાનપત્રનો મહત્તા કંસ કાઢવાનું ક્રિયાન્વયન પ્રગતિમાં. બહારથી કરતાલના સંગતે જાણીતું ભજન કાનમાં મિષ્ટી બની રેલાયું. જાગો મારારાઅ જૂના જોગી. ગાયકની મીઠી હલક અને હથોટી વરતાય. પ્રાણલાલ વ્યાસ ભજનના ક્ષેત્રમાં ઊંચું નામ. ગાયકીની સમજ પડછંદ પૌરૂષી અવાજ. ભજનને બહુ ઊંચું ખેંચવાની મહારત યાદ આવી. પ્રાણલાલ નારી રૂપ ધરીને તન્મયતાથી ભજન ગાતા હોય એવું લાગે. ભજનની સંમોહન શક્તિથી ખેંચાઈને બહાર કંમ્પાઉન્ડમાં આવ્યો.

રોડની સામી સાઈડ માતાજી કરતાલ વગાડતા સહજતાથી ભજન આલાપતા હતા. મો પર કાળું માસ્ક. ગરમાળાનાં ફૂલોના રંગનો કધોયો સાડલો.મનતા બેનરજીની જેમ પગમાં હવાઈ સ્લીપર. મોં રાઈસ પેપર જેવું. એક હાથમાં કરતાલ અને બીજા હાથના ખભામાં સ્ટીલની ઘોડી. એક પગે વિકલાંગ. તન પર રાણી વિક્ટોરિયા જેવી અને જેટલી જ ખુમારી ને ખુદારી. ભજનમાં ભંગ ન પડે. હાથ ફેલાવવાનો નહી. યાચના કરવાની નહી. યાચના કરવાની તો ઈશ્વર પાસે. એમની સ્વાશ્રયતા નિહાળી અનાયાસે હાથ જોડાઈ ગયા. ખિસ્સામાંથી પચાસની નોટ ક્યારે નીકળી અને ક્યારે માજીને આપી તેનું ભાન જ રહ્યું નહી. કરતાલવાળો હાથ આશીર્વાદની મુદ્રામાં ઊંચકાયો.આંખોમાંથી અમી આશીર્વાદ રૂપે સાંબેલાધાર વરસ્યા. માજીએ વિદાય લીધી.

વિકલાંગતાનો લાભ લઈ ભીખના હાંડલા સિક્કે ચડાવવાનો સરળ અને હાથવગો વિકલ્પ ઉપલબ્ધ હોવા છતાં ભજન ગાયનના માધ્યમથી ઉંદર પોષણનો કઠિન માર્ગ પસંદ કરનારી માઈ. પચાસ રૂપિયાના ક્ષુલ્લક મૂડીરોકાણમાં આશીર્વાદની હેલી પ્રાપ્ત કરવામાં ભાઈ આપણને વકરો એટલો નફો જ સાંપડ્યો.

**-ભરત વૈષ્ણવ**

# અમદાવાદ એરપોર્ટ પર હવે પાર્કિંગને કારણે નહીં થાય ટ્રાફિક જામ! FASTagથી કપાઈ જશે ચાર્જ

અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હવે ફાસ્ટેગ આધારિત પાર્કિંગ ફેસિલિટી શરૂ થવા જઈ રહી છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ અનુસાર, આવતા અઠવાડિયાથી જ અમદાવાદ એરપોર્ટ પર ફાસ્ટેગ આધારિત પાર્કિંગ ફેસિલિટી શરૂ કરી દેવાનું આયોજન છે. એરપોર્ટના સંચાલન સાથે સંકળાયેલા સૂત્રોનો દાવો છે કે ફાસ્ટેગ આવી જવાથી પાર્કિંગના એન્ટ્રી કે એક્ઝિટ પોઈન્ટ પર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા નહીં મળે, અને વાહનચાલકો ફટાફટ એન્ટ્રી કે એક્ઝિટ પોઈન્ટ પરથી પસાર થઈ શકશે. મુંબઈ એરપોર્ટ પર ગત ડિસેમ્બરમાં ફાસ્ટેગ આધારિત પાર્કિંગ શરૂ કરાયું હતું, એપ્રિલ ૨૦૨૩માં મેંગલોર એરપોર્ટ પર પણ આ ફેસિલિટી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ એરપોર્ટમાં પાર્કિંગ ફેસિલિટીનું ઓટોમેશન કરવાના પ્રોજેક્ટમાં ફાસ્ટેગ આધારિત પાર્કિંગ પણ સમાવિષ્ટ હતું.અમદાવાદ એરપોર્ટનું સંચાલન અદાણી ગ્રુપ કરે છે. શહેરના એરપોર્ટ પર હાલમાં લેવાઈ રહેલા પાર્કિંગ ચાર્જની વાત કરીએ તો, એરપોર્ટ પર ફોર વ્હીલરને ૩૦ મિનિટ પાર્ક કરવાનો ચાર્જ ૯૦ રૂપિયા છે, જ્યારે બે કલાક સુધીનો ચાર્જ ૧૫૦ રૂપિયા છે. ત્યારબાદ દરેક વધારાના બે કલાકના ૪૦ રૂપિયા લેવામાં આવે છે. જો તમારે તમારી કાર એક દિવસ માટે એરપોર્ટ પર મૂકવી હોય તો તેના માટે ૫૯૦ રૂપિયા ચૂકવવા પડે છે. તેવી જ રીતે ટુ-વ્હીલરનો પાર્કિંગ ચાર્જ અડધો કલાક માટે ૫૦ મિનિટ, બે કલાક માટે ૮૦ રૂપિયા અને એક દિવસ માટે ૧૯૦ રૂપિયા છે. રિક્ષાવાળા પાસેથી પાર્કિંગનો ફ્લેટ ૯૦ રૂપિયા ચાર્જ લેવાય છે જ્યારે કેબચાલકો પાસેથી એક ટ્રીપના ૧૫૦ રૂપિયા વસૂલવામાં આવે છે. જો પાર્કિંગની રિસિપ્ટ ખોવાઈ જાય તો ૫૦૦ રૂપિયા પેનલ્ટી ભરવી પડે છે. અમદાવાદ એરપોર્ટના ટર્મિનલ ૨માં પ્રાઈવેટ વ્હીકલ માટે ૨૦ મિનિટ સુધી ફ્રી પાર્કિંગ છે, પરંતુ ૧ એટલે કે ઈન્ટરનેશનલ ટર્મિનલ પર ફ્રી પાર્કિંગની આવી કોઈ સવલત નથી.હાઈવે પર જે રીતે ટોલબુથ પર ફાસ્ટેગમાંથી ઓટોમેટિક ટોલ ટેક્સ કપાઈ જાય છે, તે જ રીતે એરપોર્ટમાં દાખલ થનારી કારનું ફાસ્ટેગ એન્ટ્રી પોઈન્ટ પર સ્કેન થશે, અને એક્ઝિટના સમયે કાર કેટલો સમય એરપોર્ટમાં રહી તેના આધારે પાર્કિંગ ચાર્જ ફાસ્ટેગમાંથી કપાઈ જશે. ફાસ્ટેગથી સમગ્ર સિસ્ટમ ફાસ્ટ થઈ જશે, અને એન્ટ્રી તેમજ એક્ઝિટ પોઈન્ટ પર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા નહીં મળે. અમદાવાદ એરપોર્ટ પર તાજેતરમાં જ ટિકિટ વેન્ડિંગ સિસ્ટમ પણ લાગુ કરાઈ છે, જેમાં એરપોર્ટમાં દાખલ થતી વખતે વાહનચાલકે બૂથ પરથી એક બટન દબાવી ટિકિટ લેવાની હોય છે, અને એક્ઝિટ બુથ પર આ ટિકિટ સ્કેન કરાવી વાહન કેટલો સમય એરપોર્ટના પ્રિમાઈસિસમાં રહ્યું તેના આધારે ચાર્જ ચૂકવવાનો હોય છે.અમદાવાદ એરપોર્ટ પર રોજના ૩૫ હજાર જેટલા પેસેન્જર્સનું આવન-જાવન રહે છે. એપ્રિલ ૨૦૨૩માં એરપોર્ટ પર ૧૦ લાખ જેટલા મુસાફરો નોંધાયા હતા. એટલું જ નહીં, મહિને દર મહિને પેસેન્જર્સની સંખ્યા સતત વધી પણ રહી છે. સૂત્રોનું માનીએ તો અમદાવાદ એરપોર્ટ પર પાર્કિંગ માટે પ્રિપેમેન્ટ ઓપ્શન પણ શરૂ થઈ શકે છે. જેમાં પેસેન્જરે પેમેન્ટ કરવા માટે ઊઈ કોડ સ્કેન કરવાનો રહેશે, પરંતુ આ સિસ્ટમ લાગુ થવામાં હજુ થોડો સમય લાગશે.અમદાવાદ એરપોર્ટ પર ફેબ્રુઆરી ૨૦૨૩થી યુઝર ડેલવપમેન્ટ ફી પણ વધારવામાં આવી હતી. અગાઉ આ ફી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જર્સ માટે સરખી એટલે કે ૧૦૦ રૂપિયા હતી, પરંતુ ફેબ્રુઆરીથી તેને ડોમેસ્ટિક પેસેન્જર માટે ૨૫૦ રૂપિયા જ્યારે ઈન્ટરનેશનલ પેસેન્જર માટે વધારીને ૫૫૦ રૂપિયા કરી દેવામાં આવી હતી. એરપોર્ટની યુઝર ડેવલપમેન્ટ ફી દર વર્ષે વધતી રહેશે, એપ્રિલ ૨૦૨૪થી તે ડોમેસ્ટિક પેસેન્જર માટે વધીને ૪૫૦ રૂપિયા જ્યારે ઈન્ટરનેશનલ પેસેન્જર માટે ૧૧૯૦ રૂપિયા થઈ જશે.

# ચક્રવાત મોચાએ મ્યાનમારમાં મચાવી તબાહી, ૮૧ લોકોના મોત, ૧૦૦ થી વધુ લોકો લાપતા

(એ.આર.એલ),મ્યાનમાર,તા.૧૭

ચક્રવાત મોચાએ મ્યાનમારમાં તબાહી મચાવી દીધી છે. ત્યારે મંગળવાર સુધીમાં મ્યાનમારમાં ચક્રવાતને કારણે ઓછામાં ઓછા ૮૧ લોકોના મોત થયા છે. સમાચાર એજન્સી એએફપીએ સ્થાનિક અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી છે. ચક્રવાતી તોફાન મોચા રવિવારે બાંગ્લાદેશ અને મ્યાનમારના દરિયાકાંઠે ત્રાટક્યું હતું, જેના કારણે ભારે વરસાદ થયો હતો અને ૧૯૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ચક્રવાતના કારણે રખાઈન પ્રાંતની રાજધાની સિત્તવેના કેટલાક વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. રોહિંગ્યા મુસ્લિમ અલ્પસંખ્યક વસ્તી ધરાવતા રખાઈન રાજ્યના બુ મા અને નજીકના ખાઉંગ ડોકે કાર ગામોમાં ઓછામાં ઓછા ૪૬ લોકોના મોત થયા છે. મ્યાનમારના રાજ્ય પ્રસારણકર્તા એમઆરટીવીના જણાવ્યા અનુસાર, રખાઈનની રાજધાની સિત્તવેની ઉત્તરે આવેલા રાથેદાઉંગ ટાઉનશીપના એક ગામમાં એક આશ્રમ તૂટી પડતાં તેર લોકોના મોત થયા હતા અને પડોશી ગામમાં એક મકાન ધરાશાયી થતાં એક મહિલાનું મૃત્યુ થયું હતું.

સિત્તવે નજીકના બુ મા ગામના વડા કાર્લોએ જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધી શકે છે. ૧૦૦ થી વધુ લોકો હવે ગુમ છે.'' નજીકમાં, ૬૬ વર્ષીય આ બુલ હુ પુત્રએ તેમની પુત્રીની કબર પર પ્રાર્થના કરી, જેનો મૃતદેહ મંગળવારે સવારે મળ્યો હતો. ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, મોચાએ રવિવારે પવનના કારણે ઈલેક્ટ્રીક તોરણો તોડી નાખ્યા અને લાકડાની ફિશિંગ બોટ તોડી નાખી.

સિત્તવે નજીક વિસ્થાપિત રોહિંગ્યા માટેના ડાપિંગ કેમ્પમાં નવ લોકોના મોત થયા હતા. સ્થાનિક નેતાઓ અને અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઓહ્ન તવ ચાઈ ગામમાં એક વ્યક્તિ અને ઓહ્ન તવ ગીમાં છ વ્યક્તિનું મોત થયું હતું. મોચા એ એક દાયકા કરતાં પણ વધુ સમયગાળામાં આ પ્રદેશમાં ત્રાટકેલું સૌથી શક્તિશાળી ચક્રવાત હતું, જેણે ગામડાઓને તબાહ કરી નાખ્યા, વૃક્ષો ઉખડી ગયા અને રખાઈન રાજ્યના મોટા ભાગના સંદેશાવ્યવહારને તોડી પાડ્યું. આ સિવાય સરકારી મીડિયાએ વિગતો આપ્યા વિના સોમવારે પાંચ મૃત્યુના અહેવાલ આપ્યા હતા.

ચીનનું માછીમારીનું જહાજ લુ પેંગ યુઆન યુ ૦૨૮ હિંદ મહાસાગરમાં પલટી ગયું હતું. મંગળવાર (૧૬ મે)ના રોજ સ્થાનિક સમય અનુસાર લગભગ ૩ વાગ્યે જહાજ પલટી ગયું હતું. ઘટના સમયે, તેમાં ૧૭ ચીની ક્રૂ મેમ્બર, ૧૭ ઈન્ડોનેશિયન ક્રૂ મેમ્બર અને ૫ ફિલિપિનો ક્રૂ મેમ્બર સહિત ૩૯ લોકો સવાર હતા. જો કે સર્ચ ટીમે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી, પરંતુ તમામ ૩૯ લોકો લાપતા છે. દરમિયાન, શોધ અને બચાવના પ્રયાસો ચાલુ છે.

## પાંચ વિષય પર મનોમંથન કરાશે

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ખાતે ગુજરાત સરકારની ૧૦મી ચિંતન શિબિર યોજાશે

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૧૯ થી ૨૧ મે દરમિયાન દસમી ચિંતન શિબિરનો શુભારંભ કરાવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે યોજાનારી આ શિબિરમાં મુખ્યમંત્રી સહિત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય સલાહકાર સહિત વરિષ્ઠ અધિક મુખ્ય સચિવઓ, સચિવો, અગ્ર સચિવો તથા જિલ્લાના કલેક્ટર-ડી.ડી.ઓ, મહાનગરોના કમિશ્નરો, ખાતાના વડાઓ એમ કુલ મળીને ૨૩૦ જેટલા લોકો જોડાશે.

આ વર્ષે યોજાનારી ચિંતન શિબિરમાં પાંચ વિષયો પર મનોમંથન થવાનું છે. તેમાં આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાકીય વિકાસ, સરકારી અને તમામ સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતાનિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય વિકાસ અને ક્ષમતાનિર્માણને આવરી લેવાશે. શિબિરમાં સહભાગી થનારા અધિકારીઓ, પ્રત્યેક ગ્રુપમાં ૪૫, એમ પાંચ ગ્રુપમાં ચર્ચાસત્રોમાં જોડાશે અને ચર્ચાને અંતે પોતાના નિષ્કર્ષ-ભલામણો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, વિવિધ વિષયોના તજજ્ઞો આ સત્રોમાં પ્રેરક માર્ગદર્શન પણ આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી સુશાસનની એક મહત્વપૂર્ણ પહેલ 'સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમે' હાલમાં જ ૨૦ વર્ષ પૂરા કર્યા છે. એ જ રીતે, ૨૦૦૩ માં શરૂ થયેલી ચિંતન શિબિર પણ પોતાના ૨૦ માં વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. જેમ, સ્વાગત જેવો ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્ય રાજય સરકારો અને કેન્દ્ર સરકારે પણ અપનાવ્યો છે.

એ જ રીતે, ચિંતન શિબિરનું આયોજન એક યા બીજા સ્વરૂપમાં અન્ય સરકારોએ અપનાવ્યું છે. ઓકટોબર ૨૦૨૨ માં કેન્દ્ર સરકારે રાજ્યોના ગૃહ મંત્રીઓની ચિંતન શિબિર યોજી હતી. તો હાલમાં જ ૧૧ મે ના રોજ કેન્દ્રના સામાજિક અને અધિકારિતા મંત્રાલયે પોતાના અધિકારીઓ માટેની ચિંતન શિબિર યોજી હતી.

૧૭ મે ના રોજ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે પોતાના વરિષ્ઠ અધિકારીઓ માટે નવી દિલ્હી ખાતે ચિંતન શિબિરનું આયોજન કર્યું છે. જેમ સ્વાગત કાર્યક્રમ કોઈ એક વ્યક્તિની અંગત સમસ્યાનું ત્વરિત સમાધાન આપે છે, એ જ રીતે, ચિંતન શિબિર આખા જન-સમુદાય માટે કોઈ વિષય પર વધુ સારું સમાધાન પૂરું પાડવાની તક આપે છે. આમ, કોઈ પહેલ પોતાના ૨૦ માં વર્ષે પણ ચાલુ હોય અને અન્ય સરકારો દ્વારા પણ અપનાવાઈ હોય, એ વાત જ, એ પહેલ કેટલી સફળ છે અને લોક-ઉપયોગી બની રહી છે તેની ચાડી ખાય છે.

રોજબરોજના રાબેતા મુજબના કામમાં વ્યસ્ત રહીને ખાસ મુદ્દાઓ પર લાંબા ગાળાની યોજના બનાવવાનો ક્યારેક સમય રહેતો નથી. વળી, કોઈ એક કાર્ય- યોજના જે-તે વિભાગના અધિકારીઓ જ બનાવતા હોય છે, તેમાં અન્ય અધિકારીઓ કે તજજ્ઞોનો અભિપ્રાય લેવો પણ અઘરું બની રહેતું હોય છે, ત્યારે આવી ચિંતન શિબિર આ ખોટને પુરવાનું કામ કરે છે.

ચિંતન શિબિરમાં અધિકારીઓ પોતાના નિત્યક્રમથી દૂર સ્વસ્થ ચિતે, ભેગા મળીને કોઈ એક વિષય પર સઘન મનોમંથન કરી શકે છે. આમ, ચિંતન શિબિર કેટલીય ઈનોવેટિવ પહેલની જનક બની શકે છે કે જે લોકોને જીવન જીવવાની સરળતામાં અનેક ગણો વધારો કરી આપે.

# ડીકેને મુખ્યમંત્રી કરતા નાનું પદ નથી મંજૂર : લોકસભામાં ૨૦-૨૨ સીટ જિતાડવાનો દાવો કર્યો, શિવકુમારને સમજાવવાના પ્રયાસો ચાલુ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

કોંગ્રેસ હાઈકમાન્ડે સિદ્ધારમૈયાને કર્ણાટકના નવા મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય લીધો છે. પરંતુ ડીકે શિવકુમારને આ નિર્ણય મંજૂર નથી. તેમણે કહ્યું કે મુખ્યમંત્રીથી નાનું પદ નથી મંજૂર. હાઈકમાનને એમ પણ કહ્યું કે લોકસભામાં ૨૦-૨૨ સીટ જીતાડી શકે છે. રાહુલ ગાંધી પછી ડીકેને સમજાવવાની જવાબદારી પ્રિયંકા ગાંધીને સોંપવામાં આવી છે. તેઓ ડીકેને મળીને વન-ટુ-વન વાતચીત કરશે.સુત્રોના જણાવ્યા અનુસાર સોનિયા અને રાહુલ ગાંધી સાથે એક કલાક સુધી વાત કરવા છતાં તેઓ સિદ્ધારમૈયાને સીએમ બનાવવા માટે રાજી ન થયા. આવી સ્થિતિમાં તેઓ પોતે ડેપ્યુટી સીએમ બનવા માગતા નથી.તેમનું કહેવું છે કે જો કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મુખ્યમંત્રી બનાવવામાં આવે તો તેઓ તેમના નેતૃત્વમાં કામ કરવા તૈયાર છે. આ દરમિયાન કર્ણાટક કોંગ્રેસના પ્રભારી રણદીપ સુરજેવાલાએ કહ્યું કે મુખ્યમંત્રીની પસંદગીની પ્રક્રિયા ચાલુ છે. નિર્ણય આવતાં જ અમે જાહેરાત કરીશું. ૨-૩ દિવસમાં કેબિનેટની રચના કરવામાં આવશે. પરંતુ બેંગલુરુના કાંતિરવા સ્ટેડિયમમાં શપથની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

મુખ્યમંત્રી પદને લઈને છેલ્લા ચાર દિવસથી બેંગલુરુથી દિલ્હી સુધી અનેક બેઠકો યોજાઈ હતી. સિદ્ધારમૈયા રેસમાં આગળ હતા. આ પહેલાં રવિવારે પણ કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠકમાં તમામ ધારાસભ્યોએ ખડગેને નેતા પસંદ કરવા માટે અધિકૃત કર્યા હતા. આ પછી કોંગ્રેસ-અધ્યક્ષે નિરીક્ષકોને તમામ ધારાસભ્યો સાથે વન ટુ વન વાત કરવાનું કહ્યું હતું, જેમાંથી ૮૦થી વધુ ધારાસભ્યોએ સિદ્ધારમૈયાની તરફેણમાં મતદાન કર્યું હતું.

સિદ્ધારમૈયા રાહુલ ગાંધીને મળવા માટે સવારે ૧૧.૧૫ વાગ્યે ૧૦ જનપથ પહોંચ્યા હતા. બંને વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત થઈ હતી. આ દરમિયાન તેમની સાથે ધારાસભ્ય પણ હાજર હતા.રાહુલને મળ્યા બાદ સિદ્ધારમૈયાએ સોનિયા ગાંધી સાથે ફોન પર વાત કરી હતી. ડીકેના સમર્થકો દિલ્હી કોંગ્રેસ કાર્યાલયની બહાર પોસ્ટરો સાથે વિરોધ કરી રહ્યા છે. તેમની માગ છે કે તેમને સીએમ બનાવવામાં આવે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સિદ્ધારમૈયા સીએમપદની રેસમાં આગળ વધી રહ્યા છે. નિરીક્ષકો દ્વારા હાથ ધરવામાં આવેલા ગુપ્ત મતદાનમાં મોટા ભાગના ધારાસભ્યોએ સિદ્ધારમૈયાની તરફેણમાં મતદાન કર્યું હતું. બંને નેતાઓને સહમતી બનાવવામાં એટલી મુશ્કેલી નથી પડી રહી જેટલી સમર્થકોને મનાવવામાં છે. બંનેના સમર્થકો પીછેહઠ કરવા તૈયાર નથી.

સિદ્ધારમૈયા કુરુબા સમુદાયના છે. બેંગલુરુમાં આ સમુદાય તેમને સીએમ બનાવવા માટે વિરોધ કરવાની તૈયારી કરી રહ્યો છે. બીજી તરફ, ડીકે વોક્કાલિગા સમુદાયના છે. આ સમાજના લોકો પણ ડીકેના સમર્થનમાં વિરોધપ્રદર્શન કરવાના છે. ડીકે શિવકુમારે મંગળવારે સવારે બેંગલુરુમાં કહ્યું, 'આપણે બધા એક છીએ. આપણે ૧૩૫ છીએ. હું કોઈને વિભાજિત કરવા માગતો નથી. હું એક જવાબદાર વ્યક્તિ છું. હું દગો આપીશ નહીં કે બ્લેકમેઈલ કરીશ નહીં. અમે કોંગ્રેસ પાર્ટી બનાવી, અમે આ ઘર બનાવ્યું. હું એનો એક ભાગ છું. તેમણે કહ્યું, 'માતા તેમના બાળકને બધું જ આપે છે. સોનિયા ગાંધી અમારા આદર્શ છે. કોંગ્રેસ દરેક માટે પરિવાર સમાન છે. આપણું બંધારણ ખૂબ મહત્વનું છે અને આપણે બધાનાં હિતોનું રક્ષણ કરવાનું છે. અમારું આગામી લક્ષ્ય લોકસભામાં ૨૦ બેઠક જીતવાનું છે. ૧૩ મેના રોજ ચૂંટણી પરિણામ આવ્યા બાદ કોંગ્રેસ મુખ્યમંત્રીની જાહેરાત કરી શકી નથી. કર્ણાટકમાં કોંગ્રેસ પક્ષને પ્રચંડ વિજય છતાં મુખ્યમંત્રી નિશ્ચીત કરવામાં સતત થઈ રહેલા વિલંબ તથા પક્ષના બે ટોચના નેતા પુર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા તથા પ્રદેશ પ્રમુખ ડી.કે.શિવકુમારની ખેચતાણમાં હવે સિદ્ધારમૈયાની તરફેણમાં કોંગ્રેસ મોવડીમંડળ નિર્ણય લેશે તેમ માનવામાં આવે છે. જયારે ડી.કે.શિવકુમારને નાયબ મુખ્યમંત્રી પદ ઉપરાંત મહત્વનું ખાતુ અને પ્રદેશ પ્રમુખ માટે યથાવત રાખવા સહિતની ઓફર થઈ છે. આજે સવારે ફરી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લીકાર્જુન ખડગેના નિવાસે વાતચીતનો દૌર શરૂ થયો હતો તો બીજી તરફ પક્ષના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ પહેલા સિદ્ધારમૈયા અને બાદમાં ડી.કે.શિવકુમાર સાથે વાતચીત કરી હતી.

# ૬૦ લાખના દાગીના લઈ ફરાર જવેલર્સના કર્મચારીઓને બગોદરા પોલીસે ઝડપ્યા

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૭

રાજકોટમાં જવેલર્સમાં કામ કરતા કર્મચારીએ માલિકને દગો આપીને ૬૦ લાખના દાગીના અને રોકડ લઈને થયો રફુચક્કર થયા હતા. જેમાં મામા સસરાએ ભાણેજ જમાઈની સાથે મળીને ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ગણતરીના કલાકોમાં મામા સસરા અને ભાણેજ જમાઈનો ફાંડો ફોડ્યો હતો. જેમાં બંને આરોપીને ક્રિકેટ સટ્ટામાં દેવું થઈ જતાં ચોરીનો બનાવ્યો હતો. બગોદરા પોલીસે ધરપકડ કરેલા સુનિલ ત્રિવેદી અને જોગેન ત્રિવેદીએનો સંબંધ મામા સસરા અને ભાણેજ જમાઈનો છે..પરતું બંને સંબંધીઓ ભેગા મળી ૬૦ લાખ રૂપિયાના સોના દાગીના અને રોકડની ચોરી કરી છે. ઘટનાની વિગતવાર વાત કર્યે તો એમ.કે.ઓર્નામેન્ટના માલિક ધીરુભાઈ નડિયાપરાની રાજકોટમાં પેઢી આવેલી છે સાથે જ આગ્રામાં પણ મહાકાળી જવેલર્સ છે.જેથી પેઢીમાં કામ કરતો સુનિલ ત્રિવેદી ૫ મેના રોજ આગ્રાથી જવેલર્સના કામના સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ ૬૦ લાખ પાર્સલ લઈ રાજકોટ આવા નીકળ્યો હતો. જ્યાં સુનિલ સાથે અન્ય એક ડ્રાઈવર સરફરાજ પણ હતો.જે દરમિયાન સુનીલ પ્લાન બનાવ્યો હતો જેના આધારે બગોદરા પાસે ગાડીમાં ઉતરી ગયા હતા અને સરફરાજ કહ્યું કે તું રાજકોટ પહોંચી જાવ હું માલિક સાથે બીજી ગાડીમાં આવું છું એમ કરીને કિંમતી સામાન અને રોકડ ભરેલી બેંગ લઈ ઉતરી ગયો ત્યારે આરોપી સુનિલેએ તેના ભાણેજ જમાઈને જોગેન ત્રિવેદી બગોદરા બોલાવીને રોકડ લઈ ભાગી ગયા હતા.

## ભેટાવીશ નહીં

કર્ણપ્રિય હલકે ગવાતા
ગીતોને રૂંધાવીશ નહીં.
અમારા લાચાર બેબસ,
હાથને તરછોડીશ નહીં.
ભલે તૂટેલા હોય તો પણ,
સ્વપનને રઝળાવીશ નહીં.
દિલ તારા લીધે તૂટી ગયું,
એ ટુકડાને સાંધીશ નહીં!!
કોઇ આપેલા તાજામાજા છે,
ઘાવે મલમ લગાડીશ નહીં
ચક્રવાક યુગલ જેવી હાલત,
શ્રધ્ધા ખુદાને ભેટાવીશ નહી.

**-ભરત વૈષ્ણવ**

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-

## આયોજક : પ્રદીપ રાવલ

NOG(૧૦૭)૨૦૨૩



NOG SS No: 151
વિષય - સાકાર-નિરાકાર
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક - આકાર નિરાકાર છે.

સ્વપ્નનો આકાર નિરાકાર છે,
ખૂબ લાંબી દ્રષ્ટિનો આકાર છે.

ભર બપોરનું સ્વપ્ન દિવાસ્વપ્ન છે,
જાત તોડી નાખ તો સાકાર છે.

કંઠ નીચે ઝેર ઉતરી જાય તો,
જિંદગીનો મોતને પડકાર છે.

હાથમાંથી છીનવીને લઈ જશે,
વિધિનો સંજોગને લલકાર છે.

કોઈને નાનું થવું ગમતું નથી,
હર ગલી, હર ગામમાં અહંકાર છે.
અનિલ દવે. ('અનુ')

---------------------------------------------------------------

NOG SS No : 120
વિષય : આકાર-નિરાકાર
શીર્ષક : આકાર છે નિરાકાર
શબ્દો : ૬૫
લેખક નું નામ : ડૉ રમીલા ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર, જિ બનાસકાંઠા
'આકાર છે નિરાકાર'
સૃષ્ટિનાં સર્જનહારનો આકાર છે નિરાકાર,
પૃથ્વીનાં દેવતાઓનો આકાર છે નિરાકાર.
પક્ષીઓનાં કલરવનો આકાર છે નિરાકાર,
પશુઓનાં ભાંભરવાનો આકાર છે નિરાકાર.
અમીના ઓડકારનો આકાર છે નિરાકાર,
અમૃતપાન કરવાનો આકાર છે નિરાકાર.
આપણાં વિચારોનો આકાર છે નિરાકાર,
મનની અનુભૂતિનો આકાર છે નિરાકાર.
મનના તરંગોનો આ આકાર છે નિરાકાર,
વૈચારિક શક્તિનો તો આકાર છે નિરાકાર.
જીવન જીવવાનો એ આકાર છે નિરાકાર,
'રમા' કહે પ્રકૃતિ તણો આકાર છે નિરાકાર.

---------------------------------------------------------------

NGO SS No 143
શબ્દઃ-સાકાર નિરાકાર.
પ્રકારઃ-ગદ્ય(લેખ)
શબ્દ સંખ્યાઃ-૩૫૧.
શીર્ષકઃ-સગુણોપાસના.
નયના ઠક્કર(પ્યાસી) વડોદરા.

પરમેશ્વર સાકાર,નિરાકાર, સગુણ અને નિર્ગુણ બંને સ્વરૂપે છે.અવતારોમાં માનનાર હિંદુ ધર્મ સાકાર સ્વરૂપની પૂજા,આરાધના,

ઉપાસના કરે છે.ઈશ્વર સાકાર સ્વરૂપે ભજવો સરળ છે પરંતુ નિરાકાર ઈશ્વરને ભજવો,સમજવો

કઠિન છે.કારણ?ચિત્તની
એકાગ્રતા,મનની સ્થિરતા રાખવા એક આધારની,
આકારની જરૂર પડે છે.
તેના માટેજ મૂર્તિપૂજાનો પ્રારંભ થયો.
ગીતામાં કહ્યું છે,
'અવ્યક્તાં હિ ગર્તિ દુઃખં દેહવદભિર્વાપ્યતે.'
અર્થાત્,અવ્યક્તમાં ચિત્ત

ની એકાગ્રતા સાધવાની ઈચ્છા ધરાવનારને કષ્ટ થાય છે.કારણ કે,દેહેન્દ્રિય ધારણ કરનાર મનુષ્યને અવ્યક્તની ગતિ પ્રાપ્ત કરવી અતિ દુષ્કર છે.

સગુણોપાસના એટલે સગુણસાકારની ઉપાસના!
ઉપાસનાનો મતલબ ઉપ
આસન.નજીક બેસવું.
તો શું પૂજન,અર્ચન,
મંત્રજાપ,ધૂપદીપ,આરતી,
પ્રસાદ,ઉપવાસ એજ ઉપાસના?બિલકુલ નહીં.
પરમાત્મામાં સ્વને વિલીન કરવું,મનને પ્રભુમાં એકાગ્ર કરવું તે એટલે ઉપાસના!

પ્રશ્ન થાય કે,મનને એકાગ્ર કરવું કેવી રીતે?શ્રીકૃષ્ણને અર્જુને કહ્યું હતું, 'ચંચલ હી મનાઃ' મન ખૂબજ ચંચળ છે.મન એકાગ્ર થયા વિના શક્તિ ખીલતી નથી,

વિકાસ થતો નથી.આકાર વિના મન સ્થિર થતું નથી અને જેનો આકાર મળે તેના ગુણદોષોની અસર મન પર થાય છે.જડનું ચિંતન કરનાર જડ,સ્ત્રીનું ચિંતન કરનાર સ્ત્રૈણ બને.

એજ રીતે પ્રભુસ્વરૂપમાં લીન મનુષ્ય દિવ્ય બને છે.
અગ્નિમાં લાકડું મુકવાથી તે
અગ્નિ બની જાય,પાણીનું
એક બિંદુ સમુદ્રમાં ભળતાં
તે સ્વયં સમુદ્ર બની જાય. તેજ રીતે ભગવાન પાસે
બેસનાર એના ગુણ,કર્મ,
સ્વભાવ પ્રાપ્ત કરે છે.
મૂર્તિમાં અંતઃકરણથી ભાવપૂર્વક ઈશ્વરીય
ગુણોને સાકારિત કરવા
એજ તો સગુણોપાસના! સગુણોપાસનાનું મહત્વ ઉપનિષદમાં દર્શાવ્યું છે.
'યા તે રુદ્ર શિવા તનુઃ'
સગુણોપાસના પરમાનંદની અનુભૂતિ કરાવે છે.
અદ્વૈતવાદનાં પ્રેરક શ્રીમદ્
આદિ શંકરાચાર્યને પણ માની અંતિમવેળાની પ્રભુ
દર્શનની ઈચ્છા પુરી કરવા,
નિર્વિકલ્પ સ્વરૂપમાં સિધ્ધ
હોવાછતાં સગુણનું શરણું લેવું પડ્યું હતું.
'શરણ્યો લોકેશો મમભવતુ કૃષ્ણો ક્ષીવિષયઃ'

મૂર્તિમાં ચિરઃકાળ સુધી મનને સ્થિર રાખવાની સાધના બાદ મૂર્તિનું ચાલ્યા જવું તે મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપાનું મિલન છે.ત્યાં મનુષ્યજીવનની પરમોચ્ચ અવસ્થાનું દર્શન થાય છે.

પ્રગતિનાં પરમશિખર પર

પહોંચેલા મનુષ્યને પણ નિર્ગુણ નિરાકારમાં જતી વખતે સગુણ સાકારમાં થઈને જવું પડે છે.

અગ્નિમાંથી નીકળેલો કોલસો ફરી અગ્નિમાં મુકતાંજ પાછો પ્રકાશિત થઈ ઉઠે એમજ પ્રભુદત્ત મનને મૂર્તિમાં લગાવતાં મન વિશુદ્ધ પ્રેમથી પ્રકાશિત થઈ જાય.

ભગવાનની મનોહર મૂર્તિ
નિહાળી જીવનમાં આશા,
ઉષ્મા,ચૈતન્ય,આશ્વાસન
પ્રાપ્ત થાય છે.ઉપાસકને
માનસિક આધાર મળે છે,
કર્મયોગીને પ્રકાશ મળે છે,
સિદ્ધોને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે.ગોપીઓને પણ નટખટ કાનો જોઈએ છે.
ઘટઘટમાં વ્યાપ્ત શ્રીકૃષ્ણ નહીં.કેવો અલૌકિક પ્રેમ!
પ્રભુનાં સાકાર સ્વરૂપમાં-
મહીં લ્યો,મહીં લ્યો×નાં
બદલે માધવ લ્યો,માધવ લ્યો બોલવા લાગે છે.
આવી સગુણસાકારની ઉપાસના પ્રત્યે મનને કેળવી પ્રભુપદને પામીએ!
(મારી સ્વરચિત રચના)
'નયના ઠક્કર'
'(પ્યાસી)વડોદરા.'

---------------------------------------------------------------

NOG SS No-106
વિષયઃ-સાકાર-નિરાકાર
શીર્ષકઃ-જૂજવે રૂપે અનંત ભાસે
શબ્દઃ-૨૬૯
નામઃ-મુક્તિદા કુમાર'રુપલી'
'સાકાર-નિરાકાર'

તું તો ભાવે ભજીલે ભગવાન જીવન થોડું રહ્યું. !!આ'ભાવ' આપણને ભગવાન સાથે જોડે છે. તમે જેવી કલ્પના કરો, એવા ભગવાન તમારી સામે હાજર થાય છે.

આપણી કલ્પનાઓએ,ભાવનાઓએ જ ઈશ્વરને સાકાર રૂપ આપ્યું છે!

એ રૂપ,જેને મેં મારી ઈચ્છા પ્રમાણે મૂર્તિમાં કંડાર્યો છે. એ ભગવાન,મારી અંદર જ સમાયેલો છે.

આપણે પાંચ તત્વોના બનેલા છીએ!
પૃથ્વી,પાણી,આકાશ,વાયુ,અગ્નિ.

જુદાં જુદાં તત્વોથી આપણું શરીર બનેલું છે,એટલે તો મૃત્યુ થાય ત્યારે,દેહની જુદી જુદી રીતે અંતિમ ક્રિયાઓ કરવામાં આવે છે.

કોઈ કચરાની જેમ કૂવામાં નાંખે,
કોઈ અગ્નિ દાહ દે,
કોઈ જમીનમાં દફનાવે.

અંતે તો,જુદાં જુદાં તત્વોમાં જ ભળવાનું થાય છે. ખરેખર આ તત્વો શું છે?શાનાં બનેલાં છે?કશી જ ખબર નથી.

આપણે તો વેદ/વેદાંત જે કહે તેને સ્વીકારીએ છીએ.
કવિઓએ ભગવાનનાં રૂપને ગાયું.
આપણે કલ્પના કરી.એટલે તો સંત ભગત નરસૈંયો કે'છે,
×અગિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ!
જૂજવે રૂપે અનંત ભાસે!
દેહમાં દેવ તું તેજમાં તત્વ તું ...
મીરાને ..ભયનો નાશક લાગે છે.
મરાઠી શકુબાઈને બદલે,(રૂપ બદલી) સાસુના માર ખાઈ, યાત્રા કરાવે એવો..
તુકારામના અભંગોમાં ગવાતો.. 'એ' એને 'સાકાર કહીએ કે નિરાકાર'?
મુસલમાનના મુલ્લાંની 'બાંગ'માં 'અલ્લાહો અકબર' કરી પુકારાતો એ'
'સાકાર કે નિરાકાર'?
'એતોભાવનાનો ભૂખ્યો છે. હિન્દુ-મુસ્લીમ-શીખ-ઈસાઈ
તુંકોણ?હુંકોણ?ખબર નથી.
હું તો,મારી રીતે જ
એને જોઉં છું.
જોતી રહીશ.
સવાર પડે,આંખ ખોલી એને જ જોઈશ.મારા કાનથી એને જ સાંભળીશ.
મારી જીભેથી એના જ ગુણગાન ગાઈશ.
મારાં મગજથી એના જ વિચાર કરીશ.

એ જે હોય તે,જેવો હોય તેવો ! હું એને,કોઈ પણ રીતે અનુભવું.મારી જાતમાં.અહમ બ્રહ્માસ્મિ.....

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: સોનામાં રૂ.૧૬નો સુધારો, ચાંદીમાં રૂ.૧૪૫નો ઘટાડો

## ક્રૂડ તેલમાં પ્રત્યાઘાતી વૃદ્ધિ: કોટન-ખાંડી, મેન્થા તેલમાં નરમાઈ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૮૪૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૦૦૩૯.૮૩ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૭ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈભિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૫૦,૦૮૨ સોદાઓમાં કુલ રૂ.૨૭,૮૯૮.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૮૪૧.૮૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૦૦૩૯.૮૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૭,૫૯૦ સોદાઓમાં રૂ.૪,૨૫૪.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૩૩૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૪૪૫ અને નીચામાં રૂ.૬૦,૨૦૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬ વધી રૂ.૬૦,૨૬૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૪૮,૪૭૩ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ ઘટી રૂ.૬,૦૫૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮ વધી રૂ.૬૦,૨૯૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૫૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૬૮૬ અને નીચામાં રૂ.૭૨,૨૭૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૫ ઘટી રૂ.૭૨,૪૪૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૨૭ ઘટી રૂ.૭૨,૪૫૭ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૨૧ ઘટી રૂ.૭૨,૪૬૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૯૯૯ સોદાઓમાં રૂ.૧,૩૭૮.૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૧૬.૯૫ના ભાવે ખૂલી, રૂ.૨.૧૦ વધી રૂ.૭૧૭.૫૫ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૨૦૭.૨૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ વધી રૂ.૨૨૭ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૫૫ વધી રૂ.૨૦૭.૫૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૮૩.૪૫ જસત-મિની મે વાયદો રૂ.૧.૫૦ વધી રૂ.૨૨૭.૧૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૮,૧૧૫ સોદાઓમાં રૂ.૨,૧૯૬.૨૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૮૦ અને નીચામાં રૂ.૫,૭૭૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨ વધી રૂ.૫,૮૬૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૯ વધી રૂ.૫,૮૬૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૬ના ભાવે ખૂલી, રૂ.૧.૬૦ વધી રૂ.૧૯૮.૫૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૧.૬ વધી ૧૯૮.૫ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૩.૧૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૩૦૦ અને નીચામાં રૂ.૬૧,૦૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦ ઘટી રૂ.૬૧,૨૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૧૦ ઘટી રૂ.૯૫૧.૭૦ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૬૮.૩૩ કરોડનાં ૩,૯૨૨.૩૫૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૮૫.૯૯ કરોડનાં ૨૫૯.૮૦૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૧૬.૭૦ કરોડનાં ૧૯,૧૨,૮૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૭૯.૫૮ કરોડનાં ૫,૪૪,૬૯,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૦૦ કરોડનાં ૪,૮૩૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૪.૬૮ કરોડનાં ૨,૪૩૫ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૪૭.૭૮ કરોડનાં ૧૧,૮૫૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૮૫.૬૪ કરોડનાં ૧૭,૦૩૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૯.૬૯ કરોડનાં ૧,૫૮૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૪૫ કરોડનાં ૩૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૨૧૯.૩૬૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૩.૪૦૫ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૯૨૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૪૪૪ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૫૦૩ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૨,૦૭૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૭,૯૪,૩૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૫૨,૫૧,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૭,૩૭૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૮૪.૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૬.૫૯ કરોડનાં ૨૦૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૭૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૨૯૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૯૫ અને નીચામાં ૧૬,૨૩૭ બોલાઈ, ૫૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨ પોઈન્ટ ઘટી ૧૬,૨૫૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૦૦૩૯.૮૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૩૭.૭૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૩.૧૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૨૬૮.૯૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૫૭.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૯૫.૬૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦.૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૭.૧૦ અને નીચામાં રૂ.૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩.૬૦ ઘટી રૂ.૨૦.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૭ અને નીચામાં રૂ.૪ રહી, અંતે રૂ.૦.૯૦ વધી રૂ.૬.૪૫ થયો હતો.

સોનું મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૯ અને નીચામાં રૂ.૧૪૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭ ઘટી રૂ.૧૫૮.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૩ અને નીચામાં રૂ.૧૪૫ રહી, અંતે રૂ.૨૫.૫૦ ઘટી રૂ.૧૭૨ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૩૦ના ભાવે ખૂલી, રૂ.૪૧.૫૦ ઘટી રૂ.૧,૧૮૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૩૫ના ભાવે ખૂલી, રૂ.૨૦ ઘટી રૂ.૧,૮૨૯ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૩ અને નીચામાં રૂ.૯.૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧.૫૦ ઘટી રૂ.૧૨.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૫૫ ખૂલી, ઉપરમાં રૂ.૫.૪૫ અને નીચામાં રૂ.૩.૧૫ રહી, અંતે રૂ.૦.૫૦ ઘટી રૂ.૩.૫૫ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૯૮ અને નીચામાં રૂ.૨૧૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩.૫૦ ઘટી રૂ.૨૭૪ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૪ અને નીચામાં રૂ.૨૦૦ રહી, અંતે રૂ.૨.૫૦ ઘટી રૂ.૨૭૯.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૩૧ના ભાવે ખૂલી, રૂ.૬ ઘટી રૂ.૯૭૨.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૧૩ના ભાવે ખૂલી, રૂ.૮૭.૫૦ વધી રૂ.૧,૭૭૦.૫૦ થયો હતો.

# હજુ પણ પાંચ દિવસ ઉકળાટ સાથે પરસેવે રેબઝેબ થવાશે, ગરમી આવી જ રહેશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૭

અમદાવાદના હવામાન કેન્દ્ર દ્વારા આગામી ૫ દિવસ સુધી તાપમાનમાં મોટા ફેરફાર થવાની સંભાવના ના હોવાનું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. આ સિવાય અમદાવાદમાં ૫ દિવસ યલો એલર્ટ રહેવાની આગાહી કરવામાં આવી છે. લોક કન્વેક્ટિવિટીના કારણે અમુક ભાગમાં વરસાદ થવાની બહુ ઓછી સંભાવનાઓ હોવાનું જણાવવામાં આવ્યું છે. જમીન ગરમ થઈ રહી છે અને પશ્ચિમના પવનો ભેજ લઈને આવી રહ્યા છે, એટલે કે આગામી દિવસોમાં પણ ઉકળાટ રહેશે.

અમદાવાદના હવામાન કેન્દ્રના વડા મનોરમા મોહંતીએ રાજ્યમાં આગામી પાંચ દિવસ હવામાન કેવું રહેશે તે અંગે આગાહી કરી છે. તેમણે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું હવામાન મોટાભાગે સૂકું રહેવાની સંભાવના છે. પરંતુ લોકલ કન્વેક્ટિવિટી એક્ટિવિટીના કારણે કેટલાક ભાગમાં વરસાદ થઈ શકે છે. જેની આગાહી નાઉકાસ્ટમાં કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું છે.

ડૉ. મોહંતી જણાવે છે કે, આગામી પાંચ દિવસના તાપમાનમાં કોઈ ફેરફારની સંભાવના નથી. જોકે, રાજ્યમાં એકાદ ડિગ્રી તાપમાન વધી શકે છે. હાલ રાજ્યમાં પશ્ચિમ પવનો આવી રહ્યા છે. જમીન ગરમ થવાથી અને અરબી સમુદ્ર પરથી આવતા પવનો ભેજ લઈને આવે છે જેના કારણે વાદળો બની રહ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, આ વાદળો વરસાદ લાવે તેટલા મજબૂત નથી, રાજયમાં વરસાદ થવાની સંભાવના બહુ જ ઓછી છે. જોકે, ક્યાંક લોકલ કન્વેક્ટિવિટી એક્ટિવિટી થઈ શકે છે અને તેના કારણે હળવો વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે કેરળમાં ચોમાસું ૪ જૂને પહોંચવાની શક્યતાઓ વ્યક્ત કરી છે, પરંતુ હાલમાં જે મોકા સિવાય અન્ય સાઈક્લોન બન્યું હતું તેની અસર ભારતના ચોમાસા પર થઈ શકે છે. જેના કારણે ચોમાસું મોડું આવવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ડૉ. મોહંતીએ જણાવ્યું કે, કેરળમાં ચોમાસું ૪ દિવસ મોડું આવવાની સંભાવના છે તો બની શકે કે ગુજરાતમાં ચોમાસું પહોંચતા મોડું થઈ શકે છે. પરંતુ જો સ્ટ્રોંગ સિસ્ટમ બને તો ગુજરાતમાં ચોમાસું સમયસર પહોંચી શકે છે. એટલે કે કેરળમાં ચોમાસું મોડું પહોંચશે તેનો એવો મતલબ નથી થતો કે ગુજરાતમાં પણ ચોમાસું મોડું પહોંચશે. અમદાવાદમાં તાપમાન ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, આજે પણ શહેરનું તાપમાન ૪૧થી ૪૨ ડિગ્રીની વચ્ચે રહેવાની સંભાવના છે. હિટ એક્શન પ્લાન અંતર્ગત અમદાવાદ માટે આગામી પાંચ દિવસ યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

# મોરબીના માણસે મહારાષ્ટ્રના ધારાસભ્યને મંત્રી બનાવવાની લાલચ આપી પૈસા માગ્યા

(એ.આર.એલ),નાગપુર,તા.૧૭

મહારાષ્ટ્રના ભાજપના ધારાસભ્યને રાજ્યની એકનાથ શિંદે સરકારમાં મંત્રી બનાવવાની લાલચ આપીને નાણા માગનાર મૂળ મોરબીના નીરજસિંહ રાઠોડની નાગપુર પોલીસે ધરપકડ કરી હતી. નીરજ રાઠોડે પોતે ભાજપના પ્રમુખ જેપી નડ્ડાનો પીએ હોવાનો દાવો કર્યો હતો. મધ્ય નાગપુર બેઠકના ભાજપના ધારાસભ્ય વિકાસ કુમ્ભારેએ રાઠોડ સામે પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કુમ્ભારેએ રાઠોડને નાણા આપ્યા નહોતા પણ અન્ય ધારાસભ્યોએ રાઠોડને નાણાની ચુકવણી કરી હતી. પોલીસે રાઠોડ સામે કલમ ૪૨૦ હેઠળ કેસ નોંધીને ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારની તરફેણમાં સુપ્રીમકોર્ટના ચુકાદા બાદ શિંદે સરકારના વિસ્તરણની ચર્ચા ચાલી રહી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે રાઠોડે મહારાષ્ટ્રના ચાર ધારાસભ્યોને મંત્રીપદની લાલચ આપીને નાણાની માગણી કરી હતી. એટલું જ નહીં રાઠોડે નાગાલેન્ડ અને ગોવાના ધારાસભ્યોને પણ પોતે નડ્ડાનો પીએ હોવાનો દાવો કરીને લાલચ આપી હતી.

NEWS OF GANDHINAGAR_P-3

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મીશન લાઈફ કાર્યક્રમનું લોન્ચીંગ કરવામાં આવ્યું



પર્યાવરણની સતત ચિંતા કરતા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં મિશન લાઈફ વર્ષ ૨૦૨૨-૨૩ થી વર્ષ ૨૦૨૭-૨૮ ના સમયગાળામાં પર્યાવરણના રક્ષણ અને સંરક્ષણ માટે વ્યક્તિગત અને સામૂહિક પગલાં લેવા માટે ઓછામાં ઓછા એક અબજ ભારતીયો અને અન્ય વૈશ્વિક નાગરિકોને એકત્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે. ભારતની અંદર વર્ષ-૨૦૨૮ સુધીમાં તમામ ગામડાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાંથી ઓછામાં ઓછા ૮૦% પર્યાવરણને અનુકૂળ બનવાનું લક્ષ્ય છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (યુ.એન.ઈ.પી.) અનુસાર, જો આઠ અબજની વૈશ્વિક વસ્તીમાંથી એક અબજ લોકો તેમના રોજિંદા જીવનમાં પર્યાવરણને અનુકૂળ વર્તન અપનાવે તો વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં આશરે ૨૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. મિશન લાઈફ અભિયાન અંતર્ગત આજરોજ સાવરકુંડલા શહેરના મુખ્ય માર્ગો પર જન જાગૃતિ માટે સાઈકલ યાત્રા કાઢવામાં આવી હતી. વન વિભાગ નોર્મલ રેન્જ સાવરકુંડલા દ્વારા આગામી તારીખઃ ૨૭/૫/૨૦૨૩ ના રોજ આપણા પર્યાવરણને બચાવવા તથા જન જાગૃતિ માટે મહાસાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ - સાવરકુંડલા સહયોગી સંસ્થા તથા આ મહાસાઈકલ રેલીમાં રાજકીય અગ્રણીઓ, પત્રકાર મિત્રો, સરકારી અધિકારીઓ તથા જાહેર જનતા જોડાશે.




રાય યુનિવર્સિટી અને ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા ૨૦ સમિટ અંતર્ગત યુથ એમ્પાવરમેન્ટ ટોક નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રીમાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધોળકા ક્ષેત્રના એમએલએ શ્રીમાન કિરીટસિંહ ડાભી, પૂર્વ એમએલએ શ્રીમાન કાંતિભાઈ લકુમ, હાજર રહ્યા હતા. શ્રીમાન ચુડાસમા દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું, તેઓની હાજરી અને વક્તવ્ય પ્રેક્ષકો તેમજ યુવાઓ ને બહુમૂલ્ય જ્ઞાનથી તરબોળ કરવામાં આવ્યા હતા.

## દેશને જલ્દી જ નવી સંસદ ભવન મળી શકે છે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન ૨૮ મેના રોજ કરે તેવી શકયતા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

દેશને ટૂંક સમયમાં સંસદની નવી ઈમારત મળવા જઈ રહી છે. સંસદ ભવનનું ઉદ્ઘાટન આ મહિને જ થઈ શકે છે. સૂત્રોનું માનીએ તો નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન ૨૮ મેના રોજ થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંસદ ભવનનું ઉદ્ઘાટન કરશે. નવા સંસદ ભવનનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે.

તમને જણાવી દઈએ કે, ૨૬ મે, ૨૦૧૪ના રોજ નરેન્દ્ર મોદીએ પ્રથમ કાર્યકાળ માટે શપથ લીધા હતા, ત્યારબાદ તેમણે ૩૦ મેના રોજ પોતાના બીજા કાર્યકાળના શપથ લીધા હતા. આવી સ્થિતિમાં તેમના કુલ કાર્યકાળના નવ વર્ષ પૂર્ણ થવા પર નવા સંસદ ભવનનું ભવ્ય ઉદ્ઘાટન થઈ શકે છે. આ માટે કડક અને નવી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. માર્ચ મહિનાની શરૂઆતમાં પીએમ મોદીએ અચાનક નવા સંસદ ભવનની મુલાકાત લીધી હતી અને કામકાજ નિહાળ્યું હતું. તેમણે અહીં એક કલાકથી વધુ સમય સુધી તમામ બાબતોની વિગતો લીધી, લોકસભાના સ્પીકર ઓમ બિરલા પણ તેમની સાથે હાજર હતા.

મોદીએ ૧૦ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં નવા સંસદ ભવનનો શિલાન્યાસ કર્યો હતો અને ગુરુવારે PM નવા સંસદ ભવનનું કામ જોવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે સંસદના બંને ગૃહોમાં ઉપલબ્ધ સુવિધાઓ પણ જોઈ. પીએમએ નિર્માણ કાર્યમાં રોકાયેલા કામદારો સાથે પણ વાતચીત કરી.

માહિતી અનુસાર, આ કોન્ટ્રાક્ટ ટાટા પ્રોજેક્ટ્સને ૨૦૨૦માં ૮૬૧.૯ કરોડ રૂપિયામાં આપવામાં આવ્યો હતો. જેની કિંમત પાછળથી વધારીને લગભગ ૧,૨૦૦ કરોડ રૂપિયા કરવામાં આવી હતી. નવા સંસદભવનમાં લોકસભાના માળની યોજના રાષ્ટ્રીય પક્ષી મોરની થીમ પર રાખવામાં આવી છે. નવી ઈમારત જૂના સંસદ ભવન કરતાં ૧૭,૦૦૦ ચોરસ મીટર મોટી છે. એટલું જ નહીં, આ બિલ્ડિંગ સંપૂર્ણપણે ભૂકંપપ્રૂફ છે, જેની ડિઝાઈન 'HCP ડિઝાઈન, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા તૈયાર કરવામાં આવી છે, તેના આર્કિટેક્ટ બિમલ પટેલ છે. સંસદના નવા બિલ્ડીંગમાં એક સાથે ૧૨૦૦થી વધુ સાંસદોને બેસવાની સુવિધા આપવામાં આવી હતી. જેમાં લોકસભામાં ૮૮૮ સાંસદો અને રાજ્યસભામાં ૩૮૪ સાંસદો બેસી શકે છે. નવા બિલ્ડીંગમાં એક સુંદર સંવિધાન હોલ પણ બનાવવામાં આવ્યો છે. આ નવી સંસદ ભવન ૧૩ એકરમાં બનેલ છે. તે રાષ્ટ્રપતિ ભવનથી થોડે દૂર સ્થિત છે. સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ બનેલી સંસદમાં ચાર માળની ઈમારત છે જેમાં લાઉન્જ, લાઈબ્રેરી, કમિટી હોલ, કેન્ટીન અને પાર્કિંગની સુવિધા પણ આપવામાં આવી છે.

હકીકતમાં, દેશનું હાલનું સંસદ ભવન ૯૫ વર્ષ પહેલા ૧૯૨૭માં બનાવવામાં આવ્યું હતું અને માર્ચ ૨૦૨૦માં સરકારે સંસદને જણાવ્યું હતું કે જૂની ઈમારતનો વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે, અને તેની હાલત ધીમે ધીમે બગડી રહી છે. નવું સંસદ ભવન પણ બાંધવામાં આવ્યું હતું કારણ કે જૂની ઈમારતમાં સાંસદો માટે પૂરતી બેઠકો નથી જે લોકસભા બેઠકોના નવા સીમાંકન પછી વધશે. જેના કારણે સંસદ ભવનનું નિર્માણ થઈ રહ્યું છે.

# સમસ્ત મહાજન દ્વારા પાલીતાણામાં અબોલ પશુઓનો સેવા અભિયાન શરૂ



વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે પ્રયત્નશીલ સંસ્થા સમસ્ત મહાજન દ્વારા પશુઓનો સેવા અભિયાન શરૂ કરવામાં આવ્યો. સમસ્ત મહાજન દ્વારા પાલિતાણામાં હજારો અબોલ જીવોની સેવા કરવામાં આવે છે. પાલિતાણામાં આશરે એક હજારથી પણ વધારે કુતરાઓ છે, જે આખો દિવસ ખાવાનું શોધતા રહે છે. પરંતુ તેમના માટે કોઈ વ્યવસ્થા આજ સુધી કરવામાં આવી નથી. સમસ્ત મહાજન દ્વારા આ કૂતરાઓને દરરોજ દૂધ અને બાજરાની રોટલી ખવડાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત કૂતરાઓને ૧૦૦ લિટર દુધ અને રોટલી ખવડાવવી તેમજ તેમને હડકવા અથવા અન્ય કોઈ બીમારી ન થાય તેના માટે રસીકરણ પણ કરવામાં આવી રહ્યું છે. પવિત્ર પાલિતાણામાં અત્યાર સુધીમાં ૬૦૦ થી વધુ શ્વાનને નિયમિત ધોરણે રોટલી અને છાસ -— દૂધ પીવડાવવામાં આવે છે. વર્તમાન સમયમાં બે હજારથી વધુ કૂતરા અને બિલાડીઓ માટે નિયમિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. સમસ્ત મહાજનનાં આ કાર્યમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, શ્રી પાલિતાણા જૈન સંઘ, જેસીજ, જૈન જાગૃતિ સેન્ટર, રોટરી ક્લબ ઓફ પાલીતાણા, પાલીતાણા શેત્રુંજય સિટી ગ્રુપ, વિવેકાનંદ ગ્રુપ, ભવાની ગ્રુપ, જૈન સામાજિક કેન્દ્ર, ૩૬ કોર્પોરેટરો, પાલિતાણાનાં જૈન મેયર શ્રીમતી શીલાબેન શેઠ, પાલીતાણા વિધાનસભ્ય ભીખાભાઈ બારૈયા, પાલિતાણા ડાયમંડ મર્ચન્ટ એસોસિએશન, તમામ શાળાઓ – કોલેજો, બાલાશ્રમ - શ્રાવિકાશ્રમ - યશોવિજય ગુરુકુલ, વેપારી મંડળ, માર્કેટ યાર્ડ, બધા ખાદ્ય વિક્રેતાઓ, બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તમામ જીવદયા પ્રેમીઓનો સહકાર મળી રહ્યો છે. પાલિતાણામાં અબોલ જીવોની સેવા કરવા માટે એક દિવસનો અંદાજિત ખર્ચ દસ હજાર રૂપિયા છે. આ અબોલ પશુઓની સેવામાં જોડાવવા દરેકને સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહ (મો.૯૮૨૦૦૨૦૯૭૬)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# દાંતા તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૪ મે ના રોજ યોજાશે

દાંતા તાલુકા કક્ષાનો તાલુકા ફરીયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૪/૫/૨૦૨૩ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે પ્રાંત કચેરી, દાંતા ખાતે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરેના અધ્યક્ષસ્થાને યોજાનાર છે. તાલુકા કક્ષાએ દર માસના ચોથા બુધવારે યોજાતા આ ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં તાલુકા/ ગ્રામ કક્ષાના પ્રશ્નો માટેની અરજીઓ બે નકલોમાં રજાના દિવસો સિવાય ગ્રામ્ય કક્ષાના પ્રશ્નો સંબંધિત તલાટી કમ મંત્રીશ્રીને તથા તાલુકા કક્ષાનાં પ્રશ્નો મામલતદાર કચેરી, દાંતા ખાતે સ્વીકારવામાં આવશે.આફરીયાદ નિવારણ કાર્યક્રમમાં સર્વિસ મેટર તથા કોર્ટ મેટરની સિવાયની બાબતો તેમજ અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવાઓ સાથેની અને એક જ વિષયને લગતા પ્રશ્નની રજુઆતની અરજીઓ સ્વીકારવામાં આવશે. સામૂહિક રજુઆતો કરી શકશે નહીં તેમ નાયબ કલેક્ટરશ્રી દાંતાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા ૨૫ વૃદ્ધ, નિરાધાર માવતરોને રાશનકીટ વિતરણ કરવામાં આવી



વૃદ્ધાવસ્થામાં કોઈની ઓશિયાળી જિંદગી જીવવીના પડે તે માટે બગસરા, સાપર, કોલડા, કુંકાવાવ ગામમાં રહેતા વૃદ્ધ, અશક્ત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન, અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા મે-૨૦૨૩ ની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું. તમામ માવતરોએ હરખથી આશીર્વાદ આપી અને ખુશી વ્યક્ત કરતા બોલ્યા કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે... વૃદ્ધ માવતરોને દર મહિને રાશનકીટમાં કરીયાણાની તમામ વસ્તુઓ વિના મૂલ્યે આપવામા આવે છે એવું રમેશભાઈ એ જણાવ્યું હતું.

# વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના બે પોલીસ કર્મચારી ૫૦૦૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા

અમદાવાદઃ એન્ટી કરપ્શન બ્યુરોના અમદાવાદ યુનિટે મંગળવારે વસ્ત્રાપુર પોલીસના બે પોલીસકર્મીઓને એક વ્યક્તિના સંબંધી પાસેથી રૂ. ૫૦,૦૦૦ની લાંચ લેતા ધરપકડ કરી હતી. આરોપી પોલીસકર્મીઓની ઓળખ પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્રસિંહ ડાભી (૩૦) અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ ઝાલા (૫૧) તરીકે થઈ છે. તેઓએ આરોપીને લોકઅપમાં ન મૂકવા માટે લાંચ માંગી હતી.

આ સમગ્ર મામલે એસીબી અધિકારીઓના જણાવ્યા મુજબ ઝાલા નાણાકીય છેતરપિંડીના કેસમાં તપાસ કરી રહ્યા હતા અને ડાભી તેમને લેખક તરીકે મદદ કરતા હતા. તેઓએ આરોપીને તેની પૂછપરછ કરવા માટે બોલાવ્યો અને તેને કહ્યું કે તેને નિવારક ધરપકડ હેઠળ રાખવામાં આવશે. તેઓએ આરોપીના સંબંધીને કથિત રીતે કહ્યું કે જો તેઓ પૈસા ચૂકવશે તો તેઓ આરોપીને લોકઅપમાં નહીં મૂકે અને તેને સીધો જ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરશે.મીડિયા રિપોર્ટ અનુસાર ફરિયાદી સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં પૈસાની લેવડ દેવડ બાબતેની અરજી થઈ હતી. જે અરજીની તપાસ હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ ઝાલા પાસે હતી. જ્યારે રવીન્દ્રસિંહ ડાભી તેમના રાઈટર તરીકે ફરજ બજાવતા હતાં. જેથી ફરિયાદી વિરુદ્ધની અરજીની તપાસના કામે ફરિયાદી વિરુદ્ધ સી.આર.પી.સી કલમ ૧૫૧ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. ફરિયાદીને લોકઅપમાં નહીં મુકવા તેમજ બારોબાર કોર્ટમાં રજુ કરવા માટે આરોપી ઓએ ફરીયાદી પાસેથી રૂપિયા ૫૦ હજારની લાંચની માંગણી કરી હતી.પૈસા ન આપવાના હોવાથી આરોપીના સંબંધીએ એસીબીનો સંપર્ક કર્યો હતો અને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં લાંચ લેતી વખતે ડાભી અને ઝાલાને પકડી પાડવા માટે છટકું ગોઠવવામાં આવ્યું હતું. ધરપકડ બાદ બંને લાંચિયા પોલીસકર્મીઓ સામે વિવિધ કલમો હેઠળ કેસ દાખલ કરીને તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. સાથે જ એસીબી એ વાતની પણ તપાસ કરશે કે અગાઉ બંનેએ કેટલા લોકો પાસેથી આવી જ રીતે લાંચ લીધી છે. એટલું જ નહીં. હવે બંનેની સંપત્તિ અંગે પણ તપાસ હાથ ધરવામાં આવે તો નવાઈ નથી.ઉલ્લેખનીય છે કે, એસીબીના ડેટા અનુસાર ભ્રષ્ટાચારના કેસોની સંખ્યામાં ગુજરાતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ હંમેશા રાજ્ય સરકારના ૨૫ વિભાગોમાં ટોચ પર રહે છે. એક આંકડા અનુસાર ૨૦૨૨માં રાજ્ય પોલીસે તમામ સરકારી અધિકારીઓ સામે નોંધાયેલા કુલ ૧૭૬ કેસમાંથી તેમની વિરુદ્ધ ૪૪ કેસ નોંધ્યા હતા. ACB દ્વારા ૬૧ જેટલા પોલીસકર્મીઓ લાંચ લેતા ઝડપાયા હતા.ઉલ્લેખનીય છે કે, ચાલુ મહિને વલસાડ જિલ્લાના કપરાડા સ્થિત અરૂણોદય સાર્વજનિક વિદ્યાલયનો ઈન્ચાર્જ આચાર્ય લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. વિગતો પર નજર કરીએ તો આરોપીની ઓળખ ઈન્ચાર્જ આચાર્ય દિલિપ રમણભાઈ પટેલ તરીકે થઈ હતી. વિદ્યાલયમાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા દિલિપ પટેલે કાયમી શિક્ષક અને ફુલ પગારની કાર્યવાહી કરવા માટે લાંચ માંગી હોવાનું સામે આવ્યું છે. શિક્ષકની કાર્યવાહી બાદ ACBએ તેને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો અને કસ્ટડીમાં લીધા બાદ તેમની સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.મહત્વનું છે કે, ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે. કોઈપણ સરકારી કામકાજ કરવા માટે સરકારી બાબુઓ દ્વારા લાંચ માંગવામાં આવે છે. રિપોર્ટ અનુસાર ગુજરાતમાં સૌથી ભ્રષ્ટ ખાતા તરીકે ગૃહવિભાગનું નામ સામે આવ્યું છે. જેમાં પોલીસકર્મીઓ આરોપીઓ પાસેથી કેસ ન કરવા તેમજ જેલમાં ન નાખવા માટે મસમોટી લાંચ માંગતા હોય છે.

# અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે આવેલ જય અંબે બિનવારસી મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં જિલ્લા કલેક્ટરશ્રીની મુલાકાત



અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે આવેલ જય અંબે બિનવારસી મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિક દ્વારા મુલાકાત લેવામાં આવી. અરવલ્લીના બાયડમાં જય અંબે માં બુદ્ધિ મહિલા સમાજ ટ્રસ્ટ દ્વારા બિનવારસી મન બુદ્ધિ દિવ્યાંગ બહેનો માટે આશ્રય સ્થાન માટે આશ્રમ શરૂ કરવામાં આવ્યો છે.સમાજથી તિરસ્કાર થયેલી, સ્ટેશનો ઉપર ફરતી અજાણી મન બુદ્ધિ ધરાવતી મહિલાઓને અહીં લાવવામાં આવે છે તેમની અહીં શારીરિક સારવાર સાથે માનસિક સારવાર પણ કરવામાં આવે છે જય અંબે મન બુદ્ધિ સેવા આશ્રમ અત્યાર સુધી રાજયની અને પરપ્રાંતીય માનસિક રોગી મહિલાઓને પ્રેમરૂપી હું પન આરોગ્ય સારવાર કરાવી તેમના પરિવાર સાથે અંદાજિત ૨૦૦ જેટલી મહિલાઓને મિલન કરાવવામાં સફળ રહ્યું છે.અત્યારે આશ્રમમાં ૨૦૦ મહિલાઓ અને ૭૬ પુરુષો આશ્રય લઈ રહ્યા છે. આજે અરવલ્લી જિલ્લા કલેક્ટર શ્રી એ બાયડ ખાતે આશ્રમમાં મુલાકાત લીધી હતી એ સાથે જ તે આશ્રમની અંદર થતી દરેક કામગીરી અને આશ્રિતો માટેની સગવડોનું નિરીક્ષણ કર્યું હતું.અને ત્યાં આશ્રિત લેનાર દરેકને સોમનાથ મંદિર દ્વારા આપવામાં આવેલી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દરેક મહિલા અને પુરુષોએ ખૂબ જ ખુશીથી સ્વીકારી હતી. કલેકટર સી દ્વારા તેના ટ્રસ્ટીઓ અને ત્યાં કામ કરનાર દરેક વ્યક્તિની હિંમતને અને અજાણ્યા લોકોની દેખરેખ રાખવા માટે તેમની ધગશનેં બિરદાવી હતી. દરેક ખૂબ જ સુંદર એવી કામગીરી કરી રહ્યા છે અને આગળ પણ એવી કામગીરી કરતા રહે તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

# સેવાળામાં પી.એમ.આવાસ યોજનાના મકાનોનું ઉદ્ધાટન



પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં સેવાળા ગામે વડાપ્રધાન આવાસ યોજના અંતર્ગત મકાનોનું ઉદ્ધાટન કરવામાં આવ્યું. જેમાં પ્રભાતફેરી, આઈ.સી.ડી. સી.એસ. દ્વારા વાનગી સ્પર્ધાનું આયોજન તથા રંગોળી બનાવી. આ કાર્યક્રમમાં પાટણ ડેપ્યુટી કલેક્ટરશ્રી ,તાલુકા પંચાયત પ્રમુખશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી લક્ષ્મીબેન ઠાકોર ગામના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

**-રિપોર્ટર નિખીલ જોષી પાટણ બ્યુરો**

# જંત્રીના ભાવમાં વધારા બાદ ભાડજમાં ૧૯૫ કરોડ રૂપિયામાં જમીનનો સોદો!

અમદાવાદઃ જંત્રીના દરોમાં ભાવ વધારા અમદાવવાદ સ્થિત ભાડજમાં ત્રણ પ્લોટની જમીનનો રૂ. ૧૯૫ કરોડમાં સંયુક્ત સોદો થયો છે. અંદાજે ૪૫૦૦ ચોરસ યાર્ડમાં ફેલાયેલા દરેક પ્લોટનું વેચાણ લગભગ રૂ. ૧.૫ લાખ પ્રતિ ચોરસયાર્ડના ભાવે થયુંહોવાનુંસામેઆવ્યું છે. ઉત્તર ગુજરાતના ૩ ડેવલપર્સે ભેગા મળીને આ જમીન ખરીદી છે અને હવે તેઓ ૩૬ મીટરના રોડ પર સ્થિત આ પ્લોટ પર રેસીડેન્સીયલ પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના ધરાવે છે.આ સમગ્ર મામલે આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર જંત્રીના દરમાં વધારા પછી રિયલ એસ્ટેટ સેક્ટર ધીમે ધીમે સામાન્ય સ્થિતિમાંઆવી રહ્યું છેઅને ડેવલપર્સદ્વારા જમીનની ઈક્વાયરીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. એક સૂત્રએ જણાવ્યા અનુસાર ઉત્તર ગુજરાતના ત્રણ ડેવલપર્સે ભાજડમાં આ જમીન ખરીદી છે. છેલ્લા એક વર્ષમાં આ વિસ્તારમાં ખાસ્સું ડેવલપમેન્ટ થયું છે જે ડેવલપર્સને રેસીડેન્સીયલ પ્રોજેક્ટ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.શ્રેણીબદ્ધ વ્યાજદર વધારાને કારણે એકંદર માંગમાં મંદી હોવા છતાં અમદાવાદ રિયલ એસ્ટેટ સેક્ટરમાં પોસાય તેવા હાઉસિંગ સેગમેન્ટની સતત માંગ જોવા મળી છે. તેમ છતાં ડેવલપર્સ રિયલ એસ્ટેટ માર્કેટમાં ભાવિ માંગ અંગે આશાવાદી છે.અમદાવાદ રિયલ્ટર્સ એસોસિએશન (છઇછ)ના ફાઉન્ડર, પ્રેસિડેન્ટ પ્રવીણ બાવડિયાએ માર્કેટની વર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાડ્યો અને જણાવ્યું કે, રિયલ એસ્ટેટ માર્કેટે નવા જંત્રી દરોને સ્વીકાર્યા છે, પરિણામે બજાર સ્થિર થયુંછે. અમે ફરી એકવાર ડેવલપર્સ પાસેથી જમીનની ઈક્વાયરી વધારો જોઈ રહ્યા છીએ. રાજ્યના અન્ય ભાગોમાંથી નોંધપાત્ર સ્થળાંતરને કારણે ખાસ કરીને એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટમાં ઊંચી માંગ છે.તેમણે વધુમાં જણાવ્યું કે, ડેવલપર્સ સક્રિય રીતે સારી જગ્યાએ પ્લોટ શોધી રહ્યા છે જે હાઈ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ માપદંડને પૂર્ણ કરે છે. અમદાવાદમાં તાજેતરના વર્ષોમાં નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ જોવા મળ્યા છે, જેના કારણે પ્રોપર્ટી ડિમાન્ડમાં વધારો થયો છે અને આગળ પણ આ વલણ ચાલુ રહેવાની ધારણા છે, કારણ કે જંત્રીના સુધારા બાદ ભાવમાં મોટા ફેરફારો થયા નથી.



છેલ્લાં ચાર વર્ષથી ગુજરાતી ભાષા અને સાહિત્યમાં નવોદિત કવિઓ અને લેખકોને પ્રોત્સાહન પુરું પાડતું શબ્દ વાવેતર ગ્રુપ, કાયાવરોહણ જેવી પાવન ભૂમિ પર એંસી જેટલાં કવિ અને લેખકો એકઠા થયા હતા. એકાવન જેટલાં કવિઓએ પોતાની કવિતાનું પઠન કર્યું હતું. છ પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. જેમાં શબ્દ વાવેતર ટીમે અંજારની લેખિકા વર્ષા ભટ્ટ વૃંદાને એક ટ્રોફી અને સર્ટીફીકેટ આપી સન્માન કર્યું હતું. ગુજરાતી ભાષાને સતત ધબકતી રાખતી ટીમ એટલે શબ્દ વાવેતરની ટીમ, આવી જ રીતે સતત પ્રગતિ કરતી રહે. એડમિન પીનાકીનભાઈ, કિરણબેન, શોભાબેન, નિશાબેન, જીવતીબેન, તરલિકાબેન અને પુષ્પકભાઈ ઘણી જ જહેમત ઉઠાવે છે.

# રાજકોટમાંથી ઝડપાયો ઓનલાઈન QR કોડથી રમાતો ક્રિકેટ સટ્ટો

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૭

કહેવાય છે કે ગુનેગારો પોલીસથી એક કદમ આગળ ચાલતા હોય છે.કંઈક આવી જ ઘટના પ્રકાશમાં આવી રાજકોટમાં જ્યાં પોલીસની નજરથી બચીને ઓનલાઈન સટ્ટો રમાડવા માટે બુકીઓએ એક હાઈટેક રસ્તો શોધ્યો.પરંતુ બુકીઓની આ તરકીબ સફળ થાય તે પહેલા જ પોલીસે તેમના મનસુબા પર ફેરવી દીધુ છે પાણી.આજકાલ દેશમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટાની મોસમ જામી છે. ત્યારે રાજકોટમાં ખાનગી કાફેમાં ચાના કપ પર ઊઈ કોડ દ્વારા ઓનલાઈન સટ્ટો રમાડવાની ઘટનાનો પર્દાફાશ થયો છે. હવે અહીં આપને આશ્ચર્ય થશે કે ઊઈ કોડ દ્વારા કેવી રીતે સટ્ટો રમાતો હશે. તો સટ્ટાની નવી મોડસ ઓપરેન્ડી પર નજર કરીએ તો ચા પીવાના કપ પર સટ્ટાનો ઊઈ કોડ આપેલો હોય છે. ઊઈ કોડ સ્કેન કર્યા બાદ ઓનલાઈન સટ્ટાની લિંક ખુલે છે. આ લિંક ઓપન કરતા મોબાઈલમાં વોટ્સએપનો લોગો દેખાય છે.લોગો ક્લિક કરતા સામેના વ્યક્તિ સાથે સીધી વાત થઈ શકે છે. વોટ્સએપના માધ્યમથી સામેના વ્યક્તિ સાથે ચેટ કરી શકાય છે.સામેનો વ્યક્તિ સટ્ટો રમવા માટે આઈડી બનાવવાની ઓફર કરે છે. આ આઈડી બનાવવાની ઓફર સ્વીકારતા જે તે વ્યક્તિનું ખાતુ ખુલે છે અને આ આઈડી દ્વારા ગ્રાહકો સરળતાથી ઓનલાઈન સટ્ટો રમી શકે છે. ઓનલાઈ સટ્ટો રમાડતા તત્વોને વિશ્વાસ હતો કે હાઈટેક તરકીબથી પોલીસની આંખમાં ધૂળ નાખી શકાશે.પરંતુ આખરે પોલીસને ગંધ આવી જ ગઈ અને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરી નાખ્યો છે.રાજકોટની ટી પોસ્ટમાંથી ઝડપાયેલા સટ્ટાના નવા રેકેટ મામલે એસીપીએ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈને તપાસ સોંપી છે.પોલીસને આશંકા છે કે આ એક રાષ્ટ્રીય કક્ષાનું રેકેટ હોઈ શકે છે.હવે પોલીસ તપાસમાં વધુ શું સામે આવે છે તે જોવું રહ્યું.

# વડોદરામાં જીએસટી કૌભાંડ કેસમાં વધુ બે આરોપીઓની ધરપકડ

(એ.આર.એલ),વડોદરા,તા.૧૭

વડોદરામાં ૧ કરોડથી વધુની GST ચોરી કૌભાંડમાં વધુ બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ઈકો સેલે યાસીન મગરબી અરબ અને અક્રમ અત્યાન અરબની ધરપકડ કરી છે. ભાવનગર જેલમાંથી બંને આરોપીઓનો કબજો મેળવ્યો છે. આ છેતરપિંડીનો મુખ્ય સૂત્રધાર નિખિલ રમેશ મિસ્ત્રી અને આસિફ યુસુફ છીપા ફરાર છે. જેમાં આરોપીઓએ પોતાના નામના તથા અન્યના નામે ખોટા અને બનાવટી દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરી જીએસટી પોર્ટલ ઉપર અપલોડ કરી જીએસટી નંબર મેળવ્યો હતો. આ પેઢીઓના નામથી કોઈ ધંધો ચાલતો ન હોવા છતાં માત્ર કાગળ પર પેઢીઓ ઉભી કરી ખોટા અને બનાવટી ટેક્સ ઈનવોઈસ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. જેના આધારે ખોટી GS વેરા શાખ મેળવી/ક્લેઈમ કરી સરકારની તીજોરીને મોટું આર્થિક નુકસાન પહોંચાડી ગુનો કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4